Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૪૧ ● તા. ૬ થી ૧૨ ઓક્ટોબર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમની વાર્ષિક સામાન્ય સભા અને અખિલ મહારાષ્ટ્ર એકમ મહિલા મંચના ધુલિયાના કાર્યક્રમની ઝલક...



મહારાષ્ટ્ર એકમ કાર્યક્રમ પ્રસંગે દિપ પ્રાગટ્ય



કાર્યક્રમ પ્રસંગે રજીસ્ટ્રેશન કાઉન્ટર ઉપર કાર્યકરો



ધુલીયા મંચના પ્રમુખ કલ્પનાબેન મયુર ઘરમશી





એકમ મહિલામંચના કાર્યક્રમમાં અતિથીવિશેષ ડૉ.ગીતાબેન જૈન



ધુલીયા મહિલામંચના ઉપક્રમે યોગ શિબીર



ધુલીયા મહિલા મંચની બહેનો



મહારાષ્ટ્ર એકમની બેઠકમાં મંચસ્થ મહાનુભાવો.





મહારાષ્ટ્ર એકમની જનરલ સભામાં મંચસ્થ મહાનુભાવો.



નવયુવક મંડળ-ધુલીયાના પ્રમુખ શ્રી ભુમિલ ગાલાનું બહુમાન



મહિલામંચના કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિજનો



મહાજનપ્રમુખ શ્રી વસંતભાઈ હસ્તે તિલકભાઈનું બહુમાન



અતિથીવિશેષ શ્રી મહેન્દ્ર મોમાયાનું ઉદ્બોધન



ધુલીયા મહાજન પ્રમુખ શ્રી વસંતભાઈનું ઉદ્બોધન



કાર્યક્રમ પ્રસંગે પધારેલ મહાનુભાવો



સાધર્મિકભક્તિનો લાભ લેતા જ્ઞાતિજનો

તાસ અનુમોદના કીજીએ... તાસ અનુમોદના કીજીએ...

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

શ્રી વર્ધમાન નગરે શ્રી ભૂજ અચલગચ્છ જૈન સંઘના પ્રાંગણે

## ત્રિદિવસીય ગુરુ પર્વોત્સવે ગુરુ ગુણ શતાબ્દિ વર્ષે

# ગુરુ ગુણોદય ૮૧ મા જન્મોત્સવે ગુરુકૃપાના મેહ વરસ્યા
# સંઘ સમાજના અંતરે જાણે દીપોતસ્વના દીપ પ્રગટ્યા



જનની જણ તો ભક્તજણ
કાં દાતા કાં શૂર
યા તો રહેજે વાંજણી
મત ગુમાવીશ નૂર...

**કચ્છ નલીયાતીર્થ - મુંબઈ ઘાટકોપર નિવાસી**
**માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવારે હ. સમીર લક્ષ્મીચંદ નાગડા**
**૮૧ મા જન્મોત્સવે ૮૧ કિલો રજત તુલાનો લાભ લઈ અપૂર્વ ગુરુભક્તિ પ્રદર્શિત કરી**
**ત્યારે ગુજરાત રાજ્યના કચ્છીમંત્રી શ્રી વાસણભાઈ આહિર તથા સમગ્ર જ્ઞાતિજનો હાજર હતા.**

એક વાત સ્પષ્ટ છે. અંદર પડેલી પશુ સુલભ વૃત્તિઓને ઉશ્કેરવાનું કામ તામસી ખોરાક કરે છે.
પાંચેય ઈન્દ્રિયોને ઉત્તેજિત કરવાનું કામ વિગઈઓથી લચપચ ખોરાક કરે છે.
માનવના ખોળીએ શયતાન બનાવવાનું કામ પેટમાં ઠલવાતા કચરા જેવા દ્રવ્યો કરે છે.
**આહાર શુધ્ધૌ સત્વ શુધ્ધિ :** આહારની શુધ્ધિમાં સત્વની શુધ્ધિ પડી છે.
આજથી વર્ષો પૂર્વે પોતના તારક ગુરૂદેવ
**સ્વ. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના**
શ્રીમુખેથી રસે જિતે જિતં સર્વમ્ ની વાણી સાંભળી આત્મા જાગૃત બન્યો.
ગુરુદેવશ્રીના પગલે પગલે આરંભાયેલી આ તપધર્મની જ્યોત નીત નવી આઈટમ અને
નીત નવી વાનગીના જમાનામાંય, અનેકવિધ શાસન-ગચ્છની જવાબદારીઓ વચ્ચે
**૮૧ વર્ષની જૈફ વચે ૪૪/૪૪ વર્ષના વરસીતપની વિરાટ** મંઝિલ પૂર્ણ કરતાં અણાહારી પદના
લક્ષને વરવા આગે કદમ વધી રહ્યા છે એવા ગુરુદેવશ્રી સંઘશિરછત્ર,
**અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા ના**
**એક્યાશી મા જન્મોત્સવે**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનનું**
**શ્રી અનંતનાથજી જૈન દેરાસર તથા તેના સાધારણ ખાતાના ફંડોનું ટ્રસ્ટ**
**શ્રી નલીયાનગરનું તથા નીજ કૂળનું નામ રોશન કર્યુ છે ત્યારે**

**શ્રી ઘાટકોપર ક.દ.ઓ.જી.વી.શી. જૈન સંઘ**
**ભૂરિ ભૂરિ અનુમોદના કરી હર્ષની લાગણી અનુભવે છે.**

UPASANA-9820167767

## આદ્યતંત્રીઓ

"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

### જાહેરાત દર

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## જ્ઞાતિ વસતીપત્રક ઉપયોગી માધ્યમ, પણ સમયની સાથે કદમ મેળવી ચાલીએ. -નવીન પટેલ (વડોદરા)

*(નોંધ : લેખક : શ્રી નવીન હીરાચંદ નાગડા (પટેલ) (સાંધાણ) કચ્છ સંસ્કૃતિ અને સાહિત્યને સમર્પિત દ્વિમાસિક "કચ્છ અર્પણ"ના તંત્રી અને સાહિત્ય અને સામાજિક પ્રવૃતિઓમાં વિશેષ રૂચિ ધરાવે છે. જ્ઞાતિ વસતીપત્રક વિષે એમના વિચારો પ્રસ્તુત છે.)*

આપણી જ્ઞાતિનાં નવા વસતીપત્રક માટેનું કાર્ય બેએક વર્ષ પૂર્વે આરંભાયું ત્યારે વસતીપત્રક પુસ્તકરૂપે બહાર નહીં પડે એ પ્રકારની રજુઆત કરવામાં આવેલ. આજનાં હાઈટેક જમાનામાં વસતીપત્રકને કોમ્પ્યુટર, સીડી. કે ઇન્ટરનેટ દ્વારા ઘેર ઘેર મામુલી ખર્ચે ઉપલબ્ધ કરાવી શકાય. પરંતુ હમણાં વસતીપત્રકને પુસ્તક, સીડી અને ઓનલાઇન સ્વરૂપે બનાવવા જ્ઞાતિપાસેથી પુછાવાયું છે.

એક તરફ વસતીપત્રક સમિતિ તરફથી **"KDO IT Club"** ને બનાવવા માટે પ્રયત્નો ચાલુ છે તે જણાવાતા E-mail બધાને મોકલવામાં આવે છે અને બીજી તરફ પુસ્તકરૂપે આ દળદાર અંકો છાપીને લાખો રૂપિયા બગાડવાના? આને કારણે આપણે દસ વર્ષ પાછળ ચાલી રહ્યા છીએ એવું પ્રતિત થાય છે. તદઉપરાંત આપણે કાગળનું નિકંદન કાઢીને પર્યાવરણની દષ્ટિએ વિશ્વના પણ દોષી બનીશું.

પ્ર.સ.માં થોડા સમય પહેલા ૪-૧૦ ઓગષ્ટના અંકમાં સુરતનાં પ્રવીણભાઈ ધરમશીએ મજાની વાત લખી છે કે હાલમાં તો ઘણી મોટી કંપનીઓમાં આપણી નાત કરતા વધુ સંખ્યામાં લોકો કામ કરતા હોય છે. તેમના ડેટા જો દરરોજ અપડેટ થતા હોય તો દશ વર્ષે બનતા આપણાં વસતીપત્રક માટે લાખોનો ધુમાડો શા માટે?

ગત વસતીપત્રકથી જ આપણી પાસે એક સરસ મજાની સંપૂર્ણ ડેટા સાથેની વેબસાઈટ ઉપલબ્ધ છે જેના પર તમે ખૂબ જ સરળતાથી દરેક જાતની માહિતિ મેળવી શકો છો. તમને જોઈતી બધા જ પ્રકારની માહિતિ અને તમને જોઇતા ઘણાં સંયોજનો (combination) મળી રહે છે. આ માહિતી ઘણી જ સરળતાથી અને પુસ્તક સ્વરૂપ કરતાં અનેક ઘણા સ્વરૂપે મેળવી શકો છો.

દુર્ભાગ્યપૂર્ણ વાત એ છે કે આ વેબસાઈટને લોકપ્રિય બનાવવા, લોકોને તે અંગે માર્ગદર્શન આપવા કોઈ પણ જાતનાં પ્રયત્નો વસતીપત્રક સમિતિ દ્વારા ખાસ કરાયા નથી. જેને કારણે ૧૯૮૮માં કાર્યરત થયેલ આ વસતીપત્રક સમિતિનાં મંત્રીશ્રી E-mail મોકલીને જ્ઞાતિમાંથી I.T. Expertsને આ **"વસતીપત્રક માટે નવી વેબસાઈટ"** બનાવવા આમંત્રણ આપે છે! જ્યારે આપણી પાસે એક સરસ વેબસાઈટ લગભગ ૧૦ વર્ષથી ઉપલબ્ધ છે જ! આ વેબસાઈટને નિયમીત અપડેટ કરાઈ નથી જેના પરિણામો આજે ભોગવવા પડે છે અને જો કદાચ નવી સાઈટ બનશે તો તેનાં પણ આજ હાલ થશે તો?

નવી વેબસાઈટ માટે એટલું જ કહેવાનું કે બધાની "પર્સનલ માહિતિ" અને ફોટા સહિત તેના પર મુકવાની વાતો ચાલે છે અને તેને "ફેસબુક" જેવી ઓપન સાઈટ બનાવવામાં આવશે (જાહેરાત પરથી એવું જ લાગે છે.) તો પછી એના પરથી તમારી બધી માહિતી કોઈપણ ઉપાડી શકશે, જાણી શકશે. (તમારી ઇન્કમ, પ્રોપર્ટી વગેરેની માહિતિ સુધ્ધા) માટે વસતીપત્રકનાં ફોર્મ ભરતા પહેલા આપ એટલું યાદ રાખજો કે આ માહિતિનો ઉપયોગ કોઈપણ કરી શકે છે. બનવાજોગ છે કે બહારની કંપનીને વેબસાઈટ બનાવવા ડેટા આપે કે ભાગીદારી કરાય અને બધી માહિતિ લીક થઈ જાય! આવી બાબતોમાં વસતીપત્રક સમિતિ લેખિતમાં બાહેંધરી આપી શકશે?

હવે વસતીપત્રક છાપવાની બાબતો પર આવીએ. વસતીપત્રકને છાપવા અગાઉ જો એક સર્વે પણ હાથ ધરવામાં આવે તો તેના દ્વારા ચોક્કસપણે નક્કી થઈ શકે કે આપણે વસતીપત્રકને છાપવું કે નહીં. નાતનાં લાખો રૂપિયા બરબાદ કરવા કરતાં અન્ય કામે લગાડી શકાય તેમ છે.

તે માટે આપણને નીચે અપાયેલ **કેટલાક પ્રશ્નો**નાં જવાબો જ મેળવવાનાં છે તેના દ્વારા આપણે આ બાબતમાં ઘણાં નિર્ણયો લઈ શકીશું.

૧. શું તમારા ઘરમાં વસતીપત્રક છે? હા કે ના.

૨. આખા વર્ષમાં તમે વસતીપત્રકનો ઉપયોગ કેટલીવાર કર્યો છે? એકેય વખત નહીં, ૧-૨ વખત, ૫-૧૦ વખત કે ૧૦થી વધુ વખત

૩. તમે વસતીપત્રક મુખ્યત્વે શાના માટે વાંચેલ?

એ. કોઈના વેવિશાળ કે લગ્નની બાબત માટે

બી.. કોઈપણ કુટુંબ ઉપરનાં કારણ સિવાયની માહિતિ મેળવવા

સી.. કોઈનું સરનામું મેળવવા?

ડી. માત્ર વાંચવા ખાતર?

ઈ. તમારા સામાન્યજ્ઞાનમાં માત્ર વધારો કરવા.

એફ. અન્ય કોઈ કારણોસર... જણાવો... હા/ના

૪. તમારા ઘરમાં કોમ્પ્યુટર છે?

૫. તમારા કુટુંબમાં કેટલા સભ્યો છે?

૬. તમારા પરિવારમાં કેટલા સભ્યોને ઇન્ટરનેટનું જ્ઞાન છે?

૭. શું તમે માનો છો કે તે ઇન્ટરનેટ/કમ્પ્યુટર દ્વારા જરૂરી માહિતી ખૂબ જ ઝડપથી ને સરળતાથી મળે છે? હા/ના

૮. શું તમે જાણો છો કે વૃક્ષોમાંથી કાગળ બને છે અને કાગળનો નકામો ઉપયોગ ન થાય તે જરૂરી છે? હા/ના..

આ પ્રકારની મોજણીથી આપણાં ઘણાં બધા પ્રશ્નોનાં જવાબો મળી જશે અને તે જણાવશે કે આજનાં જમાનામાં પુસ્તકરૂપે વસતીપત્રક માત્ર પસ્તીમાં વધારો છે.

વસતીપત્રક ખૂબ જ જરૂરી છે. આપણે અત્યારસુધી નિયમિત સમયાંતરે કાઢતા આવ્યા છીએ અને સમયનાં શક્તિ-સાધનો અને તંત્રજ્ઞાનના સથવારે એક એકથી ચડીયાતા સાત વસતીપત્રક આપણી પાસે મોજુદ છે. એ ડેટા કેમ વધુ પરીણામલક્ષી અને ઉપયોગી બને તે માટે સલામતી,ચોક્કસતા અને વ્યક્તિગત હિત જળવાય, કોઈની લાગણી ન દુભાય તે મર્યાદાઓ જાળવવી જરૂરી છે. છેવટે સમાજનું જ કાર્ય છે. એટલે તેના ખર્ચામાં પણ સાદગી, કરકસર અને સંયમ પણ જોઇએ જ. એટલે જરૂર પુરતી પુસ્તકરૂપે બાકી, E-data સ્વરૂપે જે આપણી પાસે વર્ષોથી વેબસાઈટ રૂપે છે. આજે આપણે પત્ર લખવાનું બંધ કરીને મોબાઈલ કે ઇ-મેઇલ પર આવી ગયા છીએ તો વસતીપત્રકને પણ આ નવા સ્વરૂપે સ્વીકારીએ.. આ છેલ્લું છપાયેલ વસતીપત્રકનાં સ્થાને આ પહેલું ઇલેક્ટ્રોનીક, વસતીપત્રક છે તેવી જાહેરાત કરો.. "કાલ કરે સો આજ કર" વાળી કહેવતને અમલમાં લાવો.

હાલમાં જે કોઈ માહિતી જુના વસતીપત્રકમાં છે તે સંતોષકારક છે. તેમાં કોઈ વધારાની જરૂરત નથી ફક્ત સુધારાની જરૂરત છે.

વસતીપત્રક માટે ફંડ જરૂરી છે. તેનો ઉપયોગ પુસ્તક છાપીને કોઈની જાહેરાત/વખાણ છાપવા કરતાં આપણાં નાતનાં જેટલા પણ ઘરોમાં જ્યાં કોમ્પ્યુટર ન હોય ત્યાં કોમ્પ્યુટર પહોંચાડવામાં આવે કે એમને ભેટ કે લોનથી આપો દરેક કુટુંબમાં ઓછામાં ઓછો એક IT એક્સપર્ટ બનાવો જેને ઇન્ટરનેટની જાણકારી હોય.. દરેક સમાજ કે મહાજનમાં કોમ્પ્યુટર ઉપલબ્ધ કરાવો.. જેમાં તેઓ પોતાનાં કાર્યો કરી શકે તથા કોઈને વસતીપત્રકમાંથી કોઈ માહિતી જોઈતી હોય તો સ્થાનિક યુવાનો કે કર્મચારી તે આપી શકે.

આને કારણે નાતનાં દરેક ઘરમાં કોમ્પ્યુટર તથા IT એક્સપર્ટ હશે તેને કારણે આપણી જ્ઞાતિની આન-બાન-શાનમાં અનેકગણો વધારો થશે.. આજની વસતીપત્રક સમિતિ પાસે આપણી નાતનું અનોખું પરિવર્તન કરવાની તક આવેલ છે ત્યારે વસતીપત્રકને પુસ્તકરૂપે છાપીને કાગળને વેડફીને શું મળવાનું છે? પુસ્તકનાં એક સેટની કિંમત આશરે રૂ.૧૦૦૦/-ની આસપાસ જશે તેની સામે માત્ર ૧૫-૨૦ રૂપિયામાં સી.ડી. તૈયાર શકે.

જેને છાપેલું પુસ્તક જ જોઈતું હોય તેને સાદી પ્રિન્ટઆઉટ કઢાવી લેવાનું કહો.. આ કાર્ય સ્થાનિક મહાજન પણ ઉપાડી શકે છે. પ્રિન્ટેડ વસતીપત્રકમાં જેઓ જાહેરાત આપવાનાં છે તેઓ વેબસાઈટ/સીડીમાં પણ જાહેરાત આપી શકશે જેમાં તેમનો વધુ સારી રીતે પ્રચાર થઈ શકશે..

બીજા કેટલાક મુદ્દાઓ પર ધ્યાન ખેંચવાનું કે વસતીપત્રકનાં ફોર્મ સામાન્યપ્રજાને ધ્યાનમાં રાખીને બનાવવા જોઈએ, સરળ બનાવવા જોઈએ.

નવાઈની વાત એ લાગે છે કે મુંબઈ જ્યાં આપણી સૌથી વધુ વસતી છે તથા કદાચ સૌથી વધુ કોમ્પ્યુટરનાં જાણકારો પણ હશે, છતાંય કોઈ પણ આ બાબતમાં ટીપ્પણી સુધ્ધાં કરતું નથી. કદાચ આપણે હવે "મારે શું?" ની નવી નિતિમાં ઓતપ્રોત થતા જઈએ છીએ.

આ વિષયે વધુ વિચારો આવકાર્ય.. વસતીપત્રક પ્રવૃતિ એ આપણી જ્ઞાતિમાં એક સદીના અનુભવ જેવી અણમોલ વસ્તુ છે. સમયોચિત સાધનો અને સુવિધાઓ સાથે વસતીપત્રક વધુને વધુ ઉપયોગી, અસરકારક અને સચોટ માહિતીસભર બની રહે તેવી ભાવના..

*(તંત્રી નોંધ : માહિતી મુજબ વસ્તીપત્રક સમિતિ જ્ઞાતિમાંથી સર્વેક્ષણ કરી જરૂરી હશે તેટલી પુસ્તકરૂપે અને અન્ય ઇલેક્ટ્રોનિક માધ્યમે નકલો બનાવશે.)*

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
દશાઓની નવી દિશા

## શ્રી અનંતનાથ મહાપૂજન

✿ પાવન નિશ્રા ✿

પ. પૂ. સાધ્વીશ્રી **સંયમગુણાશ્રીજી** મ.સા. આદિ ઠાણા તથા
યતીવર્યશ્રી **મોતીસાગરજી** મ.સા



**રવિવાર, તા. ૪-૧૧-૧૨ સવારે ૯.૦૦ કલાકેથી**
**સાધર્મિક ભકિત : બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦**



**: લાભાર્થી પરિવાર :**

**અ.સૌ. તરલાબેન મણીકાંત હીરજી ધુલ્લા – જખ્ખૌ – મુલુંડ**
**(પ્રતાપ એકસેલન્સી)**

આપ સૌ જ્ઞાતિજનોને પધારવાનું ભાવભર્યુ આમંત્રણ...

Web :- www.kdomahajanmumbai.org e-mail :- kdomumbai@gmail.com

મહાજન કાર્યાલય – ૨૩૪૪ ૮૨૭૪, મો. ૯૮૯૨૭ ૪૧૪૧૪

---

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
દશાઓની નવી દિશા

## ચાર રવિવારીય અનંત-પૂજા અભિયાનમાં પધારવા હાર્દિક આમંત્રણ

**પાવન નિશ્રા :** પ. પૂ. સાધ્વીશ્રી **સંયમગુણાશ્રીજી** મ.સા. આદિ ઠાણા તથા યતીવર્યશ્રી **મોતીસાગરજી** મ.સા

**મહાતીર્થ શ્રી અનંતનાથ ૨૪ જિનાલયે તા. ૧૪, ૨૧, ૨૮ ઓકટોબર અને ૪ નવેંબર એમ ચાર રવિવાર જ્ઞાતિજનોને અનંતનાથ જિનાલયે પૂજા કરવા આમંત્રણ**

**રવિવાર, તા. ૧૪, ૨૧ અને ૨૮ ઓક્ટોબરનો**
**મંગલ કાર્યક્રમ :**
સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે....સેવા પૂજા
સવારે ૧૦.૧૫ થી ૧૧.૩૦....વ્યાખ્યાન / ધાર્મિક કાર્યક્રમ
બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ .... સ્વામિ ભકિત

**રવિવાર, તા. ૪-૧૧-૧૨, સવારે ૯ કલાકે**
**શ્રી અનંતનાથ મહાપૂજન**
**: લાભાર્થી :**
**અ.સૌ. તરલાબેન મણીકાંત હીરજી ધુલ્લા-જખૌ-મુલુંડ**
**પ્રતાપ એકસેલન્સી**

ચાર રવિવારે પૂજા કરનાર ભાગ્યશાળીઓનું યથાયોગ્ય બહુમાન રવિવાર, તા. ૪-૧૧-૧૨ના કરાશે.

**સમગ્ર અનુષ્ઠાનના દાતા : શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર - સુથરી - વરલી**

નોંધ : રવિવાર, તા. ૨૧-૧૦-૧૨ના યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા. ની નિશ્રામાં ઘાટકોપર મધ્યે મહાકાલી માતાજીની ‘પહેડી’ હોવાથી સવારે ૭ થી ૮.૩૦ સેવા-પૂજા, ત્યારબાદ ૮.૩૦ થી ૯.૦૦ કલાકે : નવકારશી બાદ ‘પહેડી’ માટે પ્રસ્થાન

**વિશેષ સૂચના : અભિયાનમાં જોડાવા ઈચ્છુક જ્ઞાતિજનોએ અગાઉથી મહાજન કાર્યાલય પર ફોનથી નામ નોંધાવવા વિનંતી.**

મહાજન કાર્યાલય : ફોન – ૨૩૪૪ ૮૨૭૪, મો. ૯૮૯૨૭ ૪૧૪૧૪ e-mail :- kdomumbai@gmail.com

## હાર્દિક અભિનંદન !



**શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા (સુજાપર-રાયપુર)**

શ્રી ચંદ્રેશભાઈની નિમણુંક સ્કાઉટ એન્ડ ગાઈડ છતીસગઢ રાજ્ય કારોબારીમાં આયુક્ત (કમીશ્નર ઓફ સ્ટેટ હેડ ક્વૉર્ટર) મુખ્યાલયની જવાબદારી આપવામાં આવી છે. એમના અધ્યક્ષ શ્રી બ્રજમોહન અગ્રવાલ (મંત્રી : છતીશગઢ શાસન), ઉપ-પ્રમુખ શ્રી કેદાર કશ્યપ (મંત્રી : છતીશગઢ) અને સુ.શ્રી લતા ઉસેંડી (મંત્રી : છ.ગ.શાસન) છે. ચંદ્રેશભાઈ આ જવાબદારી સાથે રાજ્ય સરકાર દ્વારા સાક્ષરતા મિશનના કારોબારી સભ્ય, ખેલ યુવા કલ્યાણ વિભાગના રાજ્ય જ્યુરી મેમ્બર, પર્યટન સલાહકાર સમિતિના સભ્ય, છ.ગ. ક્રીડાપરિષદના સભ્ય, વન મંત્રાલયમાં વન પ્રાણીરક્ષાના રાજ્ય સભ્ય, શાસકીય સ્કુલના ઉપપ્રમુખ અને સભ્ય સહિત શ્રી છતી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના મા.મંત્રી, શ્રી ઉત્તર ભારત એકમના પ્રમુખ, શ્રી છ.ગ.ક.દ.ઓ. જૈન યુવામંડળના સંરક્ષક, શ્રી ગુજરાતી યુવામંચના ઉપપ્રમુખ, ભા.જ.પા.ના મંડલ પ્રમુખ સહિત ઘણી સંસ્થાઓમાં કાર્ય કરી રહ્યા છે. એમને છતીસગઢ રેડ ક્રોસ સંસ્થા દ્વારા રક્તદાન માટે એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

સમાજ એમની ઉત્તરોતર પ્રગતિ ઇચ્છે છે.

**શુભેચ્છક : ભાવિક શશીકાંત શાહ (પ્રમુખ-યુવામંડળ) અને મિત્રગણ**

---

**જ્ઞાતિબહેનો માટે ખુશખબર**

**પૈઠણી સાડીઓ, ડ્રેસ મટેરીયલ ફેન્સી સાડીઓ અને ભરત કામ બોર્ડરોનું સેલ**

**સૌ. ગુંજન મુકુંદ દંડ** (લાલા-નાંદગામ)

પ્રસ્તુત છે...

**તા.૨૭ અને ૨૮ ઓક્ટોબર ૨૦૧૨ના**

યેવલાની પ્રસિધ્ધ પૈઠણી સાડીઓ, પૈઠણી ડ્રેસ મટેરીયલ, ફેન્સી સાડીઓ અને હસ્તકામથી તૈયાર થયેલ ભરતકામની બોર્ડરો...

**-: સ્થળ :-**

પ્રભાબેન તિલોકચંદ શાહના નિવાસસ્થાને,
૯, ખેતશી ચત્રભોજ વાડી, મુનિસુવ્રત દેરાસર સામે,
કામાગલી, ઘાટકોપર (વે), મુંબઈ-૪૦૦૦૮૬
**ફોનઃ 25105384 / 9702544095 /**
**સંપર્ક : 09423926925 (ગુંજનબેન)**

**તા.૨૭ અને ૨૮ ઓક્ટોબરે ઓર્ડરો સ્વીકારશે.**

નિહાળો આકર્ષક, શાનદાર અમુલ્ય સાડી-ડ્રેસનો ખજાનો અને પસંદગીની આઇટેમો બુક કરાવો.

જ્ઞાતિબહેનોને પધારવા આમંત્રણ...

---

# Zeel Embroidery

**લેટેસ્ટ ડીઝાઈનર સાડી રેડી મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.**

**સ્પેશાલીસ્ટ : પારસી ગારાવર્ક, પીટાવર્ક, તારવર્ક, બટકસબ, કસબવર્ક, આભલા, સ્ટોન વગેરે વર્ક, સાડી, કુર્તી, પંજાબી સુટ અને ચણીયા-ચોલીમાં બનાવી આપવામાં આવશે.**

તમારી જુની સાડીમાંથી નવી ડીઝાઈનર સાડી બનાવી આપવામાં આવશે. રીયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા મળશે. મરૂન તથા તમારા મનપસંદ કલરમાં મળશે.

**ખાસ નોંધ : રીયલજરીની સાડી, ઘરચોળા, બોર્ડર, પૈઠણી, પટોળા વગેરે સારા ભાવે લેવામાં આવશે.**

**સંપર્ક : જીજ્ઞેશ ડાઘા**

**ફોન : 9702843763 / 9821238629**

**ખાસ નોંધ : તમારા ઘરે આવીને ઓર્ડર લઈ જઈશું.**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

**સમગ્ર મુંબઈમાં જન જાગરણ અભિયાનની બેઠકો**

નવી મુંબઇ (વાશી) તથા વિવિધ પરાઓમાં હવેથી શ્રી ક. દ. ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ દ્વારા યોજાશે. જેની વિગતવાર સમયસારણી, જાહેરાતના માધ્યમથી જાણ કરાશે.

# જન જાગરણ અભિયાન

## માં જોડાવવાનું શ્રી ક.દ.ઓ. જૈન મંડળ, નવી મુંબઇ ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.

**રવિવાર, તા. ૭-૧૦-૨૦૧૨, બપોરે ૩.૦૦ કલાકે**

સ્થળ : ભૂમિરાજ કોસ્ટારીકા, પ્લોટનં. ૧/૨ મોરાજ રેસીડન્સીની પાસે,
પામબીચ રોડ, સેકટર ૧૮, સાનપાડા, નવી મુંબઇ
R. S. V. P. : માલતી ધરમશી - ૯૬૧૯૦ ૮૯૩૪૫

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના જય જિનેન્દ્ર...**

**હાર્દિક અભિનંદન !**







**કુ. ભુમિકા નિતીન નવીનચંદ ખોના**
(મોટીખાવડી-હુબલી)
B.E. (Electr. & Tele. Com.)-80%
વિશ્વેસરૈયા ટેક.યુની.કોલેજમાં પ્રથમ

**કુ. નિકિતા નરેશ નવીનચંદ ખોના**
(મોટીખાવડી-હુબલી)
B.Arch 2nd semester - 8.24 points
ભૂમારેડી ઈન્જી. કોલેજ-હુબલી
જ્વલંત સફળતા પ્રાપ્ત કરેલ છે.

**-: શુભાશિષ :-**

**નવિનચંદ લખમશી ખોના પરિવાર** (0836-2372853) (મોટી ખાવડી-હુબલી)
**લખમશી લધાભાઈ પરિવાર** (જખૌ-ગદગ/હુબલી/બેલગામ)
**દામજી ટોકરશી મોતા** (રાપર-હુબલી) **ઠાકરશી ટોકરશી મોતા પરિવાર** (રાપર-ગદગ)
**મેઘજી હેમરાજ લોડાયા** (હુબલી) **કુંવરજી હેમરાજ લોડાયા પરિવાર** (સાંયરા-ગદગ)
**જીવરાજ રતનશી લોડાયા પરિવાર** (જખૌ-હુબલી) ● **પ્રેમચંદ હીરજી ખોના પરિવાર** (મોટીખાવડી-હુબલી)
**ગુલાબચંદ જેતશી ખોના** (દાવણગેરી) ● **કુલીનકાંત હેમરાજ ખોના પરિવાર** (મોટીખાવડી-થાણા)
**વેલજી ચાંપશી પાલાણી પરિવાર** (કોઠારા-બોરીવલી)
**રમેશ મેઘજી મોતા પરિવાર** (રાપર-મુલુંડ) ● **પાશ્વીર કેશવજી મોતા સમસ્ત પરિવાર** (રાપર)

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# પધારો, મહાકાલી પૂજને... ઘાટકોપર

જાગતી જ્યોત, સર્વ મનોકામના પૂરક, અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજી નવરાત્રિના જાગતા દિવસોમાં સમુહરૂપે મહાપૂજન ભક્તિ આરાધના થાય છે.

**પુજન : ૧૭મો વરસ આસો સુદ ૭, રવિવાર તા.૨૧-૧૦-૨૦૧૨ સવારના ૮ થી ૩**

ઘાટકોપરમાં શ્રીમતી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ અને રાષ્ટ્રીયશાળામાં પૂજન, પહેડી પ્રસાદ, ભક્તિસંગીત રાખેલ છે. જેનો લાભ **માતુશ્રી મુરબાઈ વિશનજી** હ. **અ.સૌ. પ્રભા હેમેન્દ્ર લોડાયા (મુલુન્ડ)** સાથે **માતુશ્રી જ્યોત્સનાબેન શાંતિલાલ** હ. **અ.સૌ. ભૈરવી સેજલ લોડાયા (ઔરંગાબાદ) પરિવારોએ** લીધેલ છે. ભક્તિસંગીત લોકલાડીલા **શ્રી કિશોર મનરાજા** અને **હંસકુમાર મૈશેરી** તથા સાથી કલાકારો રંગત જમાવશે.

**સુત્ર સંચાલન : શ્રી મુકેશ મૈશેરી (મુલુન્ડ)**

## -: કાર્યક્રમ :-

| | |
|---|---|
| સવારે ૮.૦૫થી | મહાપૂજન શરૂઆત... |
| ૯.૦૫ | કુંભ-દીપક-ભંડાર સ્થાપના |
| ૧૦.૨૦ | ચુંદડી - અલંકાર આદિ પૂજા |
| ૧૦.૩૨ | પાંચ સ્થાને ૧૦૮ની વિશેષ દશવિધ પૂજા-પૂજન |
| ૧૦-૫૦ | પહેડી-પ્રસાદ-બહુમાનથી લાવીને ધરાવવામાં આવશે. |
| ૧૧-૧૧ | ૧૮મા વરસના ભાગ્યશાળી પરિવારની જાહેરાત, સ્વાગત-અનુમોદના. |
| ૧૧-૩૨ | સમુહ મહાઆરતી |
| | ૧૭મા વરસના પરિવારની માનવંદના |
| ૧૧-૩૦ થી | દર્શન-પહેડી પ્રસાદ સાધર્મિકભક્તિ... |

દર વરસની જેમ **ભાવિકો, માના દર્શન વંદન-પૂજન-પ્રસાદ ભક્તિ ઉત્સવમાં પધારી લાભ આપવા સૌને ભાવભર્યું આમંત્રણ છે.** હંમેશની જેમ માના આશીર્વાદ પામવા પધારશો.

**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ તથા ૧૭મા વરસના દાતા પરિવારો**

ભુજપુર માના મંદિરમાં **સર્વસાધારણ** વપરાતી સામગ્રી **કાયમી તીથી** એકના **₹૨૫૦૦** છે. માના મંદિરે **અખંડ જ્યોત** ચાલુ છે. **કાયમી તીથી** એકના **૧૦૦૧** છે. યાદગીરી રાખી - રખાવશો.

"શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર-ભુજપુર"ના નામથી એક ડ્રાફ્ટ-ચેકડાથી સ્વીકારાશે.

રકમ પૂજ્ય યતિશ્રી પાસે અથવા શ્રી પંકજ પદમશી ખોના, નરશી નાથા બિલ્ડીંગ,

મસ્જીદ, મુંબઈ-૪૦૦૦૦૯ એ સ્થળે સંપર્ક કરી લાભ લેશો.

**નોંધ : પૂજનીય એકાક્ષી શ્રીફળ જિનેન્દ્ર જ્યોતિ-ચિંતામણી, જ્યોતિષ જવેરાત પુસ્તક મળશે.**

।। શ્રી ગણેશાય નમઃ ।। ।। શ્રી આશાપુરાય નમઃ ।। ।। શ્રી ખેતરપાળદાદાય નમઃ ।।

# બાંઢીયા ગામમાં બિરાજમાન શ્રી આશાપુરા માં
# તથા ખેતરપાળ દાદાજીને નમતા
# જખૌ તથા બાંઢીયાના મૈશેરી પરિવારના ભાવિકો,

બાંઢીયા ગામમાં બીરાજમાન શ્રી આશાપૂરામાં તથા ખેતરપાળ દાદાજીને નમતા **જખૌ** તથા **બાંઢીયા** ગામના ભાવિકો તથા નિયાણી બહેનોને જણાંવતા ખુશી થાય છે કે આ વર્ષે માતાજી તથા ખેતરપાળ દાદાની સમુહ પહેડી ગીત-સંગીત અને રાસ-ગરબાની રમઝટ **સ્નેહ છેડા** અને સાથીઓના સંગીત સથવારે આસો સુદ ૧૪ ને રવિવાર **તા.૨૮-૧૦-૨૦૧૨**ના રોજ સાંજના ૩.૩૦ થી ૮.૩૦ વાગ્યા સુધી રાખેલ છે. સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ વહેલામાં વહેલા પધારવા હાર્દિક આમંત્રણ. લક્કી ડ્રો પ્રવેશ કુપન આપવામાં આવશે. ભાવભર્યું આમંત્રણ છે.

**❋ સમુહ પહેડીના દાતાશ્રી ❋**

**અ.સૌ. ભારતીબેન ડાયમંડભાઈ દામજી મૈશેરી** (બાંઢીયા-ભાંડુપ)
**અ.સૌ. સપના દીપેન ઘરમશી** (સુથરી-ધુલીયા)
તથા **ડૉ. કોમલ ડાયમંડ મૈશેરી** (ભાંડુપ) એ લાભ લીધેલ છે.

**❋ સમુહ પહેડીનું સ્થાન ❋**

**શેઠ નરશી નાથા સભાગૃહ, A.C. Hall, અનંતસિધ્ધિ,**
**એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮.**

**સમય : રવિવાર તા.૨૮-૧૦-૨૦૧૨ સમય સાંજે ૩.૩૦ થી ૮.૩૦**

સમુહ પહેડીમાં સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે. માતાજીના દર્શન, માતાજી તથા ખેતરપાળ દાદાની પ્રસાદી તથા સ્વરૂચી ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

**સુચના : સમુહ પહેડીમાં કોઈએ કાળી વસ્તુ તથા કાળા કપડા પહેરી આવવું નહી.**

ખાસ નોંધ : માતાજી તથા ખેતરપાળ દાદાજીની ગંધી બદલાવવાની છે. માતાજીના સ્થાનકે બાંઢીયા ગામે તા.૨૮-૧૧-૨૦૧૨ કારતકી પુનમનાં રાખેલ છે. સર્વે ભાવિકોને ત્યાં પધારવા ખાસ વિનંતી તથા સતીમાંનો ત્રણ દિવસનો ભક્તિ પાઠ રાખેલ છે.

ડોમ્બીવલીથી ભાંડુપ આવવા જવાની બસની સગવડ કરવાની હોવાથી નીચેના નંબર ઉપર સંપર્ક કરી નામ નોંધાવવા વિનંતી છે.

**શ્રી આશાપુરા માં સમુહ પહેડી સમિતિ વતી**

**ભોઇમા : મમતા અમીષ મૈશેરી-૯૮૭૦૭૬૩૬૭૭**

**નવીન મૈશેરી - ૯૮૧૯૧૬૮૩૮૩**

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
૮-૪-૧૯૪૯



અરિહંતશરણ
૨૮-૯-૨૦૧૧

**શા. શાંતિલાલ ગોવિંદજી લોડાયા**
(મોટીખાવડી-થાણા)

સુકાઈ ગયા આંખમાં આંસુ, અટવાઈ ગયા શબ્દો શ્વાસમાં, અચાનક મૃત્યુ છીનવી ગયું આપને, સદા અમો જીવીશું તમારી યાદમાં, નથી હૈયાત પણ સાથે છો તેવું લાગ્યા કરે છે, આભાસ થાય છે હરઘડી આપની ઉપસ્થિતીનો.. હરઘડી કરેલી વાતોના ભણકારા થાય છે, પ્રત્યક્ષ-પરોક્ષ દર્શન થયા કરે છે આપની જુની યાદોનાં, સુના થઈ ગયા ઘરના આંગણીયા, દિવસો ગયા, મહિના ગયા, જોતજોતામાં વરસ વીતી ગયું. આપની યાદો અને સત્કર્મો દિલમાં છે. આપનો પરિવાર સત્કર્મોને હર ઘડી યાદ કરે છે.

અમારા હૃદયમાં આપના છબી સદાય દિપકની જ્યોતની જેમ પ્રગટતી રહે છે. હૃદયને ગમતા છીનવી લીધા, આપને એ તો ઈશ્વરની વૃત્તિ છે ન્યારી, આપની હાજરી હંમેશા પરિવારને યાદ આવે છે. આપના દિવ્ય આત્માને મોક્ષપદ અપાવે એવી પ્રાર્થના, સમસ્ત કુટુંબ વતી સદાય રહે આપને નતમસ્તકે વંદન સહ અશ્રુભીની શ્રધ્ધાંજલિ.

**✻ શોકાતુર ✻**

ધર્મપત્ની : **ઊર્મિલા શાંતિલાલ લોડાયા** પુત્ર-પુત્રવધુ : **ડીમ્પલ અજય**
પૌત્રી-પૌત્ર : **ટીના, અનુષ્કા અને ઉદય** દિકરી-જમાઈ : **દિપ્તી પ્રેમ નાયર** દોહીત્ર : **આદિત્ય અને ભવ્ય**

## હાઇકુ

પાપ કરીશ?
તો ફટકા મારશે
કર્મની સત્તા
----૦----

મુનિનું હૃદય
સૌમાં જિનેન્દ્ર જુએ...
તે સમદૃષ્ટિ
----૦----

પરિભ્રમણ
માત્ર પ્રભુપ્રીત્યર્થે
ખુશી ખુશીથી

અજ્ઞાનતાથી
બાંધ્યા કર્મો અસંખ્ય
ભવાટવીમાં

– *દોલતસિંહ રતનસિંહ જાડેજા "છોટાલાલ"* (નલીયા)


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

**Nalin Dagha** Mob.+91 97691 11040
**THE MARVELLOUS MARBLES**
**Imported Composit Marble**
Krishna Mills Compound,
Opp. Spica Lane Restaurant, Link Road,
Mulund (W), Mumbai-400080.
Email : tmmarble1@gmail.com

## મહાવીરસ્વામીની ધ્યાન મુદ્રા



**ધ્યાન મુદ્રા :** તન, મનની, તંદુરસ્તી વધારવા ઉપયોગી મુદ્રા છે "ધ્યાનમુદ્રા". આ મુદ્રા આંતરિક મનને જગાડવા માટે એટલે કે આલ્ફા લેવલમાં જવાથી આપણે આપણા આંતરિક મનનો સંપર્ક કરી તેને જાગૃત કરી સૂચન આપી જીવનમાં આવતા વિઘ્નો દૂર કરી શકાય છે. ભગવાન મહાવીરસ્વામીએ આ મુદ્રા સ્વીકારી છે.

**મુદ્રા કરવાની રીત :** ખોળામાં આપણાં જમણાં હાથનો ખોબો કરી તેના પર ડાબા હાથનો ખોબો કરવો અને બંને હાથના અંગુઠા ઉપર તરફ ભેગા કરવા. આ મુદ્રા કરવા માટે પદ્માસનમાં અથવા તો પલાઠી વાળી બેસવું. આ રીતે બેસવાથી વિચારો પર કાબૂ આવે છે. નવી શક્તિનો સંચાર થાય છે. આ મુદ્રા કરતી વખતે ધીમા તેમ જ ઊંડા શ્વાસ લેવા. હકારાત્મક વિચાર કરવા.


**એન. એમ. કામત**

મંદિરો અને પુરાતત્વ સ્મારકોના
વોટર પ્રુફીંગ અને જિર્ણોધ્ધારના જાણકાર

૧/૪, શ્રી દ્વારકાનાથ ભવન, કાત્રક રોડ,
વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧.
Mob.: +91 98214 988310 Tel.: +91 22 2412 0962
E-mail : kamath_const@rediffmail.com

**K. Dixit**
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676




## પર્યુષણ પર્વમાં તપસ્વી યાદી - ૨૦૧૨

**ધન્ય આપની તપોભાવના-અહોભાવે કરીએ અનુમોદના...**

*(અઠ્ઠાઈ અને તેથી ઉપરની તપસ્યા કરનાઓએ પોતાનું પૂરૂં નામ અને હાલનું ગામ લખી મોકલવું)*

### ગદગ

દીક્ષા લલિત દેઢીયા ........................................ ૮
શ્રી દેવાંગ અરૂણ સંગોઈ ................................. ૮
શ્રી કાંતિલાલ પદમશી મોતા ............................. ૮
શ્રી વિપુલ કાંતિલાલ મોતા ............................... ૮
દિશા અતુલ લાલકા ........................................ ૮
અતીત ભરત લોડાયા (મસ્કત) .......................... ૮

### અહમદનગર

મણીકાંત લોડાયા .................................. ધર્મચક્રતપ
છાયાબેન મણીકાંત લોડાયા ..................... ધર્મચક્રતપ
લતાબેન વિમલભાઈ લોડાયા .................. ધર્મચક્રતપ
કલ્પનાબેન રમેશ લોડાયા ....................... ધર્મચક્રતપ
વિજયાબેન સુધીર મોતા .......................... ધર્મચક્રતપ


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**Limited Stock...**
**એમ્બ્રોડેરીની સેમ્પલ સાડીઓ અડધા ભાવે**
**મહાવીર એમ્બ્રોડેરી-માટુંગા (CR) માં...**

- હેન્ડ વર્ક-મશીન વર્ક પારસી સાડીઓનો નવો સ્ટોક
- Real અને Tested જરીની સાડી, ચણીયાચોળીમાં અનેક વેરાયટી.
- કસબ-બટકસબ ઝીંક કસબની સાડી, બોર્ડરમાં નવી ડીઝાઈનો આવેલ છે.
- લગ્ન તથા શુભ પ્રસંગને અનુરૂપ Designer સાડીઓ. તમારી જુની સાડી ચણીયા-ચોળી સેલા ઓલ્ટ્રેશન કરી Designer Look બનાવી આપશું.
- પ્લેન પોત તથા બાંધાણી માટે Fancy બોર્ડર મળશે.

ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડરો અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું

**મહાવીર'સ એમ્બ્રોઇડરી**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-400019.
ફોન : 24025070, 65046030, 8652239537
www.mahavirembroidery.in (Sunday Closed)
નોંધ : એમ્બ્રોયડરી તથા સાડીની દુકાન માટે અનુભવી/બીનઅનુભવી સેલ્સમેન જોઈએ છે. પગાર લાયકાત મુજબ.

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ

: આગમન :
૮-૯-૧૯૪૩
**પિયરીયા**
માતુશ્રી દેવકાબેન ડુંગરશી મૈશેરી (જખૌ)



: વિદાય :
૧૦-૧૦-૨૦૧૧
**સાસરીયા**
માતુશ્રી નેણબાઈ ધારશી નાગડા (લાલા)

**સ્વ. શ્રીમતી મધુરીબેન શાંતિલાલ નાગડા** (લાલા-નાશિક)

વર્ષ વિત્યું, વરસો વિતશે, તમારી મધુર મધુર યાદ નહીં વિસરાય,
મીઠી મીઠી યાદ તમારી જીવનભર રહેશે આજે પણ યાદ કરતાં આંસુ અમારા સુકાતાં નથી.
**પરેશ** ડગલે ને પગલે તમારા ઉપકાર યાદ કરે છે. **અંજુનું** હૃદય તમને હંમેશાં આંખોથી અંજલિ આપે છે. **વીણા** તમારા સંભારણાં વિણતા વિણતા આંખો ભીંજવે છે. **રાજુનાં** મનમાં તમે હંમેશ રાજ કરો છો. ભાવેશની કરેલ સેવા, તે હજુ પણ યાદ કરે છે. **રોહીણીએ** તમારા શીખવેલ સંસ્કારની જ્યોત જાળવી રાખી છે. **જીનેનને** લાગે છે હજુ પણ તમે હયાત છો. એની આંખો હજુ પણ તમને શોધે છે. **નેહા, મયંક, કરણ, વંશ** અને **શુભના** હતા તો નાનીમાં પણ તમારું મન મોટું હતું.
વર્ષ વિત્યું, વર્ષો વિતશે તમારા મધુર સંભારણાં અમારૂં જીવન શાંતિથી ભરી દેશે. વરસોના વરસ સુધી...

**આપના વિયોગમાં વ્યાકુળ...**

પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. રોહીણી પરેશ નાગડા** (લાલા-નાશિક)
દિકરી-જમાઈ : **અ.સૌ. રાજેશ્રી નિખિલ ખોના** (જખૌ-અમદાવાદ)
દિકરી-જમાઈ : **અ.સૌ. અંજના હિતેશ મોમાયા** (સાંયરા-માલેગામ)
દિકરી-જમાઈ : **અ.સૌ. વીણા હિતેશ દંડ** (દલતુંગી-સાંતાક્રુઝ)


**NNN**

**નલીનપુર નારી નિગમ યોજે છે...**

**વાણિજ્ય મેળો**

**સ્થળ : સારસ્વત વાડી, મુલુન્ડ (વેસ્ટ)**
**દિવસ : ૧૩-૧૦-૨૦૧૨ શનિવાર**
**સમય : સવારના ૯.૦૦ થી રાતના ૮.૩૦ સુધી**

**આ પ્રદશનમાં વૈવિધ્યપૂર્ણ વસ્તુઓ વેચાણ માટે ઉપલબ્ધ છે.**
ડ્રેસ મટીરિઅલ, પર્સ, ચોકલેટસ, ટી શર્ટ, સીરામીક હેંગીંગ, વિવિધ પ્રકારની સાડીઓ, બોર્ડર્સ તથા ડીઝાઈનર બ્લાઉઝીસ, પેપર ક્વીલટીંગની વસ્તુઓ, પેપર ક્રાફ્ટ, મહેંદી, બટુઆ, કેન્ડલ્સ, વન ગ્રામ જ્વેરી તથા વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થ.

**આપ સૌના સહકારની અભ્યર્થના**


## દ્વિતીય પુણ્ય સ્મૃતિએ આદરાંજલિ

ગોરખડી



ડોંબિવલી

**સ્વ. દિનેશ માણેકજી ધરમશી**

અરિહંતશરણ : ૧૨-૧૦-૨૦૧૦
જેમની મોંઘેરી મમતા અમારા હૃદય ગોખલે સ્મૃતિરૂપે સચવાયેલી છે. આપના સંસ્કાર સ્વભાવને યાદ કરી પાંપણ ભીની થાય છે. જીવનના તીર્થરૂપી વડીલને કોટિ કોટિ વંદન.

આપની અમર સ્મૃતિમાં...
ધર્મપત્ની : **ગં.સ્વ. જયાબેન દિનેશ ધરમશી**
પુત્ર : **સ્વ. ગિરીશ દિનેશ ધરમશી**
પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. દિના વિમલેશ ધરમશી**
**અ.સૌ. હિરલ વિજય ધરમશી**
પૌત્ર-પૌત્રી **વૈશાલી, જિનલ અને મિત**
માતા-પિતા : **વેજબાઈ માણેકજી ધરમશી**
સાસુ-સસરા : **લખમીબાઈ ખીમજી દંડ**
**બહેન : તારાબેન કુંવરજી ધુલ્લા** (દલતુંગી)
**અરૂણા ચીમનલાલ નાગડા** (નલીયા)

## વ્યક્તિવિશેષ

**શ્રી પ્રફુલચંદ્ર પદમશી હીરજી કુરૂવા(ગોધરા-ગામદેવી)**

શ્રી પ્રફુલભાઈ છેલ્લા ૫૮ વર્ષોથી રૂઉના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના પિતાશ્રી સ્વ. પદમશી હીરજી નેણશી પણ રૂઊના વ્યાપારમાં હતા. સને ૧૯૦૦-૧૯૧૦માં કોલાબામાં રૂઊ બજાર હતું અને ત્યારબાદ તે સને ૧૯૨૦-૨૫માં કોટનગ્રીન (શીવરી) સ્થળાંતર થયેલ. ત્યાં જતા હતા. એક જમાનામાં રૂઊના વ્યવસાયમાં અંદાજે ૭૦થી ૭૫ ટકા આપણી જ્ઞાતિના સભ્યો હતા. રૂઊના વ્યાપારનું નિયંત્રણ અને સંચાલન છેલ્લા ૮૦-૮૫ વરસોથી ઈસ્ટ ઈન્ડીયા કોટન એસોસીયેશન (જે હવે કોટન એસોસીયેશન ઓફ ઈન્ડીયાના નામે ઓળખાય છે) કરતું આવ્યું છે.



પ્રફુલભાઈ એસોસીયેશનના લાગલગાટ ૨૯ વર્ષો સુધી ડાયરેક્ટર પદે રહ્યા હતા જે હમણાં ડીસેમ્બર ૧૧માં રીટાયર થયા છે. તેમની કારકીર્દી દરમિયાન તેઓ ઘણી કમિટીઓના સભ્ય હતા, બીલ્ડીંગ કમીટી તથા ગોડાઉન કમીટીના ચેરમેન હતા. તેઓ આરબીટ્રેશન તથા લીગલ કમિટીના સક્રિય સભ્ય હતા, સને ૧૯૯૬-૯૮ દરમિયાન તેમના હસ્તક બોમ્બે પોર્ટ ટ્રસ્ટ વિરૂધ્ધ ૧૭૮ રૂઊના ગોડાઉનધારકો વતી હાઈકોર્ટમાં લડેલ કેસમાં જ્વલંત સફળતા મળેલ. સી.સી.આઈ ક્લબમાં વેપારીઓના એક મેળાવડામાં તેમનું શાહી બહુમાન કરવામાં આવેલ. આ પ્રસંગે એસોસીયેશનના વર્તમાન ચેરમેન ધીરેન શેઠે તેમણે એસોસીયેશન તથા વેપારીઓને આપેલી સેવાઓને બિરદાવેલ. ભૂતકાળના ચેરમેન સુરેશ કોટકે પણ તેમના કરેલા કાર્યોનો ઉલ્લેખ કરી શાબાશી આપેલ. પ્રફુલભાઈ બોમ્બે કોટન મરચન્ટસ એન્ડ મુકાદમ એસોસીયેશનના પણ પાંચ વર્ષ સુધી હોનરરી સેક્રેટરી રહ્યા છે. રૂઊ વ્યાપાર ક્ષેત્રે તેમની જ્વલંત કારકીર્દી અને વિશેષ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.


**તાત્કાલિક જોઈએ છે**

મુલુન્ડમાં સામાજિક સંસ્થામાં ઓફિસકામ માટે ઉત્સાહી, ગુજરાતી જાણકાર અને સેવાભાવી સ્ટાફની જરૂરત છે. અનુભવી અને કોમ્પ્યુટર જાણકારને પ્રથમ પસંદગી. યોગ્ય ઉમેદવારને આકર્ષક પગાર.

**સંપર્ક : 99206 80005 / 9619343793**


## અગત્યની સુચના

- આપનું નવું સરનામું મોકલો ત્યારે સાથે જુનું સરનામું જ્યાં અંક આવતા હતા તે રદ કરાવવા જરૂર લખી મોકલવું.
- પ્ર.સ. પ્રકાશન માટે મોકલાવાતી દરેક લેખ-સમાચાર ચર્ચાપત્ર માહિતી માટે મોકલનારે નામ-સરનામા-ફોન-ઈમેઈલ જણાવવા.
- આપને ત્યાંના જ્ઞાતિને સ્પર્શતા સમાચાર લખી મોકલવા વિનંતી છે. દરેક મહાજન/સંઘ કે સંસ્થાએ પોતાની પ્રવૃતિના આયોજન અને અહેવાલ જરૂર મોકલવા.
- વર્ષ ૨૦૧૨-૧૩નું વાર્ષિક લવાજમ રૂા.૫૦ માનદપ્રતિનિધિઓ પાસે કે કાર્યાલયે ભરી લેવા વિનંતી છે. પ્રતિનિધિઓને નવી લવાજમબુક જોઈતી હોય તો લખી મોકલવું. આપના હિસાબો ત્વરીત મોકલવા વિનંતી.
- જાહેરાતના પેમેન્ટ શક્યતઃ જા.ખ. સાથે કે બીલ મળે કે તરત કરવા વિનંતી છે. જેથી હિસાબોની સરળતા રહે.
- જા.ખ. મોકલવાની સાથે બીલીંગ નામ-સરનામું અવશ્ય મોકલવું.
- આપના પરિવારની જન્મ, સગપણ, લગ્ન, આદિ નોંધ **સ્થાનિક મહાજન**માં કરાવવા અનુરોધ છે.
- અંક ન મળે ત્યારે સરનામા સહ લેખિત ફરીયાદ મોકલવી જેથી ઘટતું થઈ શકે.
- પત્રિકા ચેનલ-પોસ્ટ વિભાગમાં મુંબઈ-થાણા એ બહારગામની ટપાલ વ્યવસ્થામાં ફેરબદલ કરાયો છે એટલે પત્રો-સામાયિકોના અંક વિલંબે મળવાની શક્યતા છે. અમે એ માટે પુરી તકેદારી લઈ દર મંગળવારે અંક પોસ્ટ કરીએ છીએ. બે-ચાર દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટમાં લેખિત ફરીયાદ નોંધાવવી.
- અત્રે એ નોંધવું જરૂરી છે કે, સમગ્ર મુંબઈમાં પીનકોડ પ્રમાણે તે તે પરાંના થેલામાં અંક નખાય છે. થાણા જીલ્લામાં અંશતઃ) તેમ કરાય છે એ ઉપરાંત જ્યાં એ શહેરનો થેલો ન હોય તો તેના તાલુકા/ડીવીઝનના થેલામાં એક નખાય છે. બહારગામના તે તે શહેરના થેલામાં અંકો નાખીએ છીએ તે સિવાયના તે ગામના નજીકના કેન્દ્રમાં અંક નાખીએ છીએ. (દા.ત. ચાલીસગામનાં અંક જલગામના થેલામાં દેવલાલીના નાશિકમાં થેલામાં કે નગરના પુનામાં વગેરે.)
- ઈન્ટરનેટ દ્વારા મોકલેલ માહિતી .pdf, .jpg કે .cdr open file with convert to curve કરી મોકલવી. મોકલેલ માહિતીના પ્રિન્ટઆઉટ જરૂર મોકલવા.




**અનંતછાયા**

ગયા અંકમાં શ્રી ઠાકરશી ગોસરનો લેખ વાંચ્યો. તેમનાં સૂચનો ખરેખર અમલમાં મુકવા જરૂરી છે. તેઓશ્રી પણ શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી તરિકે સેવાઓ આપી ચૂક્યા છે તે અનુભવને કારણે તેમણે વ્યવહારૂ સૂચન કર્યું છે. તેવી જ રીતે તેમણે જ્ઞાતિજનો પાસેથી અનંતછાયામાં નવા સૂચિત ફ્લેટ માટે ઓફરો મંગાવવાની કરેલ જાહેરાતને પણ જ્ઞાતિજનોએ વધાવી લેવી જોઈએ.

પરંતુ બીજી બાજુ ટ્રસ્ટીઓએ જે ડેવલપર સાથે એમઓયુ કરેલ છે તેને મંજુર કરાવવા ચેરીટી કમીશ્નર સમક્ષ કાર્યવાહી ચાલી રહી છે તેમાં અનંતછાયાની મિલકતનું વેચાણ કરતાં ૪૫ કરોડ જેટલી કિંમત મળી શકે તેમ છે તેનો વિચાર કરીએ તો કોઈ વચ્ચેનો રસ્તો શોધવો રહ્યો. એટલે અનંતછાયાનું વેચાણ કરવાને બદલે ડેવલપર પોતાના વેચાણ માટેના જે ફ્લેટ રાખશે તે નવા મકાનની જમીન ટ્રસ્ટીઓ દ્વારા નીમાયેલ ડેવલપરને લીઝ પર અપાય તો ભલે થોડી ઓછી કિંમત મળે પણ ભવિષ્યમાં તે જમીન સુધ્ધાંની આખી જમીનના સર્વ હક (એફ.એસ.આઈ. અને ટીડીઆરમાં વધારો જેવા અન્ય હક) જ્ઞાતિ પાસે જ રહે એ પ્રમાણે નિરાકરણ લાવી શકાય. ટ્રસ્ટીઓ પણ એ દિશામાં સમાધાનકારી પગલાં લેશે તો ભવિષ્યની કોર્ટની કાર્યવાહીઓ આગળ ન વધે અને ભાડુતોને પણ ત્રિશંકુ જેવી પરિસ્થિતિમાં મુકાવું ન પડે.

આ માટે ઠાકરશીભાઈ જેવા બે-ત્રણ અન્ય નિષ્પક્ષ અગ્રણીઓને આખી બાબત સોંપવી જોઈએ જેથી તેઓ સત્વરે પોતાનો અભિપ્રાય જાહેર કરી શકે અને આખરે જ્ઞાતિનું હિત બધી રીતે સચવાઈ જશે.

*ઘાટકોપર : ૪-૧૦-૧૨* — *આર. પી. શાહ*

**શ્રી ભદ્રેશ્વર વસઈ જૈન તિર્થ**

કચ્છીના પ્રાચીન ભદ્રેશ્વરતિર્થ જીર્ણોધ્ધાર થઈ સંપુર્ણ નવનિર્માણ પામતાં કચ્છમાં પ્રવેશદ્વાર સમા આ તિર્થની યાત્રા કરતાં આનંદ અનુભવાય છે. વર્તમાનમાં ત્યાં ખૂબજ સુંદર ભવ્ય જિનાલય છે. જ્યાં પૂજા-ભાવના વિગેરે દરેક આરાધના શાંતિ, ધીરજ અને ખંત-ઉત્સાહથી થઈ રહેલ છે. ઉતારા વ્યવસ્થા પણ સુંદર છે. ઓફીસ, ભોજનાલય તથા અન્ય સ્ટાફ ખૂબજ સારી રીતે સમજણથી યાત્રાળુઓને દરેક જાતની માહિતી, ટાઈમટેબલ સમજાવી સેવાકાર્ય કરે છે. જે બદલ ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાઓ ખૂબ ધન્યવાદને પાત્ર છે. વહીવટકર્તાઓની વ્યવસ્થા ખૂબ ઉપયોગી અનુભવતાં આનંદ થાય છે.

*ઘાટકોપર : ૫-૧૦-૧૨* — *રામજી લાલજી ખોના*

*દિપ્તી લોડાયા રજુ કરે છે...*

**દિપ કુકીંગ ક્લાસ**

**બ્રાઉનીઝ, મોલ્ડવાળા કે મોલ્ડ વગરના જેમ કે ઢીંગલી, મીકીમાઉસ જેવા ઘણી બધી જાતના કેક્સ, ચોકલેટ સ્લેબ, વિનેગર, બટર જેવી ચીજો ઘરે બનાવવી, મોકટેલ, ઈન્સ્ટંટ મીક્ષ પેકેટ, પીઝા મસાલા, પંજાબી ડીશ, ચાઈનીઝ, ચાટ, હલવા, મુખવાસ, મફીન્સ, બિર્યાની, રાયતા, પાસ્તા, સીઝલર્સ, સુગર ફ્રી મીઠાઈ, બંગાળી મીઠાઈ, પફ એન્ડ ફ્રોઝોન્સ, બ્રેડ મેકીંગ, ચોકલેટ ક્રાફ્ટીંગ અને બીજુ ઘણું બધું શીખવા પધારો.**

**સંપર્ક : 09320410054 / 9819293935**



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

## સગપણ સમસ્યા : દેશાવરમાં શું નથી? – *પ્રવીણ લોડાયા (વડોદરા)*

અમે નાના હતા ત્યારે સાસરીયાં વિશે લોકગીતોમાં બહુ સાંભળ્યું છે, *"દાદા હો દીકરી, વાગડમાં નવ દેશો રે સૈ..."* હવે સાંભળીએ છીએ. "દાદા હો દીકરી, દેશાવરમાં નવ દેશો રે સૈ..."

પણ આજે તો ડોમ્બીવલીમાં જઈએ ત્યારે કાંદીવલીમાં નવ દેશો અને મુલુંડ વેસ્ટમાં જઈએ ત્યારે મુલુંડ ઈસ્ટમાં અને બોરીવલીમાં સંભળાય સેન્ટ્રલ લાઈનમાં નવ દેશો રે સૈ...! એવું ગવાય તો નવાઈ નહીં.

સેમ્યુઅલ ટેલર જેવો લેખક તો કહે છેઃ Man are from mars, women are from venus સ્ત્રીઓનો માઈન્ડસેટ હવે બદલાયો છે.

"દીકરી ને ગાય, દોરે ત્યાં જાય" એ કહેવતની એકસ્પાયરી ડેટ આવી ગઈ છે. પહેલાં તો એવું હતું કે સ્ત્રી રોઈને બેસી રહેતી. એ દિવસોમાં એવું કહેવાતું કે સ્ત્રી પોતાના આંસુને એક જ્વેલરીની જેમ પહેરે છે. આજે સમય બદલાયો છે.

આપણા બાપદાદાઓ, દીકરી આપવી તો ક્યાં આપવી એ યક્ષપ્રશ્નનો વર્ષોથી સામનો કરતા આવ્યા હતા. જ્યારે આપણને હવે તો દીકરી જ સામેથી ડાયલોગ કરીને સ્પષ્ટ ભાષામાં કહે છે કે મને દેશાવર નહીં પરણાવતાં!

તાજેતરમાં સમસ્ત મહાજનના અવિકારીઓ સાથે મહારાષ્ટ્રના ગામોના જનજાગરણ અભિયાનમાં જ્યારે હું જોડાયો ત્યારે લગભગ પચ્ચીસથી ત્રીસ ગામોનો એક જ સૂર સંભળાયો કે **સગપણ અને લગ્નની સમસ્યા બહુ વિકટ છે.**

આજે મુંબઈમાં મુલુન્ડની છોકરી મુલુન્ડ વેસ્ટમાંથી ઈસ્ટમાં જવા તૈયાર નથી? કાંદિવલીની કન્યા ડોમ્બીવલી અને ડોમ્બીવલીની બોરીવલી જવા પણ તૈયાર નથી હજી દેશાવર તો બાજુએ રહ્યું.

દરરોજ ટ્રેનમાં લટકી લટકીને જવું છે. દિવસના ત્રણથી ચાર કલાક મુસાફરીમાં વેડફાય છે પણ મુંબઈ છોડવું નથી. હા, અમેરિકા જેવો વણ ઓળખ્યો મુલક મળે તો વાંધો નથી પણ દેશાવર કોઈને જવું નથી.

આ પરિસ્થિતિમાં સવાલ છે ભાઈ, દેશાવરમાં શું નથી? દેશાવરના સર્વેમાં ખબર પડી કે ૮૦ ટકાના પોતાના સ્વતંત્ર ઘર છે, લગભગ ૪૦થી ૫૦ ટકા ઘરોમાં તો પોતાની ફોર વ્હીલર ગાડી છે. સ્કુટર તો દરેક ભણતી વ્યક્તિ અને નોકરી કરતી વ્યક્તિ પાસે ફરજીયાત છે!

પોતાના ધંધા, સ્વતંત્ર મકાન, સમયની હાયહોય નહીં અને દરેક સમાજકાર્યમાં સંગાથે ચાલે છે.

એક સમય હતો જ્યારે સ્ત્રીઓ ઘરમાં ચૂલો ફુંક્યા જ કરતી. તેમાંથી પ્રગતિ થતાં દેશાવરની સ્ત્રીઓમાં ભણતરનું પ્રમાણ ઘણું વધ્યું છે. માત્ર એટલું જ નહીં, આપણી બહેનો હવે પતિ કે પરિવારનાં ધંધા ઉદ્યોગમાં સક્રિય સહભાગી થાય છે. આધુનિક પરિસ્થિતિએ સ્ત્રીને એમપાવરમેન્ટ (સશક્તિકરણ) આપવામાં મદદ કરી છે. અને એમના આત્મવિશ્વાસ, દઢ મનોબળ અને ધ્યેય નિષ્ઠાએ તેમને મજબૂત બનાવી છે.

ફાસ્ટ કોમ્યુનીકેશનના આ કહેવાતા મોડર્ન જમાનામાં પણ આપણે ટ્રેડિશનલ માન્યતાના સંકુચિત કોચલામાંથી બહાર આવી શક્યા નથી તે આપણી કમનશીબી છે!

દેશાવરના દરેક ગામોમાં મલ્ટીપ્લેક્સ થીયેટર, મૉલ કલ્ચર, લેપટોપ, ટેબલેટ, ફેસબુક, બ્લેકબેરી આવી ગયા છે. મુંબઈની આધુનિક કન્યાઓ કરતાં દેશાવરથી છોકરીઓ અને છોકરાઓ વધારે આધુનિક થઈ ગયા છે.

અમેરિકામાં જ્ઞાતિના છોકરાઓ ગયા છે તેમાં દેશાવરના ૭૦% થી વધુ છોકરાઓ છે. જેની નોંધ લેવી ઘટે.

₹૫-૭ લાખના પૅકેજથી ૧૨-૧૫ નો પૅકેજ મેળવવું એ દેશાવરના છોકરાઓ માટે હવે રમત વાત છે. ઘણા ગામોમાં આપણી ઈન્ડસ્ટ્રીઓ ₹૨૦૦ કરોડથી હજાર કરોડ સુધીના ટર્ન-ઓવર કરી રહી છે. એ પ્રગતિની નોંધ લીધી છે?

ધુલિયા, નાગપુર, વડોદરા વિગેરે ગામોમાં મુંબઈની જે દિકરીઓ પરણીને આવી છે તેમની ઈન્ટેક્ચ્યુઆલીટી મુંબઈની દીકરીઓ કરતાં બિલકુલ ઉતરતી નથી. અને આજે દેશાવરમાં પણ એજ પ્રગતિ છે, વિકાસ છે, ધંધા ઉદ્યોગની નવી તકો છે અને એટલુંજ સામાજિક પ્રવૃતિ વિકાસ છે.

સમસ્ત મહાજનના પદાધિકારીઓએ આના માટે યુથ એક્સચેન્જનો કાર્યક્રમ બનાવવા જરૂરી છે એવી લોકમાંગ છે. જેથી મુંબઈની દીકરીઓ દેશાવરના અલગ-અલગ ગામોમાં જઈને તેમની રહેણીકરણીનું જાતે નિરિક્ષણ કરવું જોઈએ જેથી ત્યાંની જીવનશૈલી જાણીને કદાચ વિશ્વાસ બેસે કે મુંબઈથીય ચડીયાતું સુખ અહીં છે.

શું નથી દેશાવરમાં? રોટરી ક્લબ છે, લાયન્સ ક્લબ છે. પીકનીકના સ્થળો છે. દેરાસરો છે, અપાસરા છે અને બધીજ સોશીયલ એક્ટીવીટીઝ પણ છે. ઘણાં ગામોમાં આપણી પોતાની સ્કુલો છે સ્વતંત્ર બંગલા, મકાનો ઉદ્યોગ ધંધા, વાહનો વગેરે બધુંજ છે. મુંબઈમાં કદાચ તમે કહી શકો કે ટાઈમ ઈઝ પાસીંગ એન્ડ વી વીમેન પાસીંગ અવે ઈન નો ટાઈમ વીધાઉટ ડુઈંગ એનીથીંગ કોન્ટ્રીબ્યુટીવ ટુ અવરસેલ્વઝ એન્ડ સોસાયટી એટ લાર્જ. જ્યારે દેશાવરમાં સો ટકા તમને આમ કહેવાનો વારો નહીં આવે.

***(નોંધ :** આ લેખ ગતાંકમાં લેવાયેલ પણ પ્રિન્ટર્સની ટેકનીકલ ક્ષતિનાં કારણે અંક નં.૪૦ના પાના નં.૧૫ શરતચુકથી ફરીથી લેવાઈ ગયેલ એટલે પુરો લેખ અહીં ફરીથી આપેલ છે.)*

## રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે પર્યુષણ પર્વની ઉજવણી

શ્રી રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે તા.૧૩-૮-૧૨ થી તા.૨૨-૮-૧૨ દરમ્યાન મહાપર્વ પર્વાધિરાજ પર્યુષણ પર્વની ભવ્યાતિભવ્ય શાનદાર ઉજવણી થઈ. સૂરીત્રય કૃપાએ સુશ્રાવક **શ્રી શાંતિલાલ ટોકરશી લાપસીયા (રંગપુર)** પર્વ દરમ્યાન આરાધના કરાવવા પધાર્યા હતા. પર્વ દરમ્યાન જપ-તપ-સ્વાધ્યાય, પ્રતિક્રમણ, સામાયીક વગેરે દ્વારા આત્મસાધનામાં સંઘના ૪૦થી૫૦ જણાં જોડાયા.

તા.૧૩-૮-૨૦૧૨ના શ્રી સંઘ દ્વારા ૧૮ અભિષેક કરાવવામાં આવેલ. વિધિકાર શ્રી શાંતિલાલભાઈ અને સંગીતકાર શ્રી વિક્રમભાઈના સંગાથે સુંદર આરાધના થઈ. પુર્યષણપર્વ પ્રારંભે કલ્પસૂત્ર (પોથી) વહોરાવવાનો તથા ઘરે પધરાવવાનો લાભ ૨,૨૨૨ મણ માં **કુ. હિતીક્ષા દિપક શાંતિલાલ લાપસીયા,** શ્રી વીર પ્રભુનું પારણું ઘરે પધરાવવાનો લાભ ૫,૧૧૧ મણ અ.સૌ. વૈશાલી હેમાંગ અશોક લાલજી લાલકા પરિવાર, બારસાસુત્ર વહોરાવવાનો લાભ ૧,૦૦૧ મણ **માતુશ્રી ગોમાબાઈ હીરજી ધરમશી પરિવાર** હ. ઠાકરશીભાઈ ભાદરવા સુદ ૯ની મંગલ પ્રભાતે દ્વારોદ્‌ઘાટનનો લાભ ૬૫૧ મણમાં **માતુશ્રી લક્ષ્મીબેન ધનજી નરશી નાગડા પરિવાર હ. અનીલભાઈ** આ મહોત્સવ દરમ્યાન સાધર્મિક ભક્તિનો લાભ વિવિધ પરિવારોએ લીધેલ. અને પુણ્યાનુંબંધી પુણ્યનું ઉપાર્જન કરેલ. ઉપરાંત રોજના પ્રભાવનામાં દાતા પરિવારોએ સુંદર લાભ લીધેલ.

ભાદરવા સુદ ૨ ના મહાવીરસ્વામીના સુપનનું કુલ ઘી ૮૦,૭૮૧ મણ તેમજ પર્વના અન્ય બોલાઓ મળી કુલ ઘી ૯૪,૯૯૪ મણ થયેલ. લક્ષ્મી પધરાવવાનો લાભ ૧૬,૬૬૬ મણમાં **માતુશ્રી મોંઘીબાઈ લાલજી ચત્રભોજ લાલકા પરિવારે** હ. અશોકભાઈ, વહાણ પધરાવવાનો લાભ ૧૫,૧૫૧ મણ **મે. પલક શિપીંગ એજન્સી પરિવાર** હ. પંકજભાઈએ લીધેલ. દાતા પરિવારોએ ઉછળના ભાવથી ચડાવામાં લાભ લઈને ઉત્કૃષ્ટ લાભ લીધા.. એકાસણા, છઠ્ઠ અઠ્ઠમ વગેરે તપસ્વીઓએ જપ-તપ કરીને પર્વને દીપાવ્યું.

રંગપુર ભોજનશાળા બારેમાસ ચાલે છે. આ પર્યુષણ પર્વથી આવતા પર્યુષણ પર્વ (વ.સં.૨૦૬૯) સુધી દાતા પરિવારો તરફથી દર વર્ષની જેમ સુંદર પ્રતિસાદ સાંપડ્યો અને રૂા.૨,૮૦,૭૬૫/- ભોજનશાળા ફંડમાં ફાળો લખાવવામાં આવ્યા. દરેક દાતા પરિવારોને ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ આપ સૌના ઉદારદિલ સાથ સહકારથી આ પ્રવૃતિ ખૂબજ સારી રીતે ચાલુ રહેશે.

દેરાસરના ટ્રસ્ટીઓ, સ્થાનીક મહાજનના સભ્યો, મુંબઈથી પધારેલ જ્ઞાતિજનોના સંગાથે દરરોજ ભાવના ભણાવવામાં આવેલ અને આ ભાવનામાં સારી રીતે રમઝટ જમાવી.

આ પર્વના ઉજવણી સર્વેના તન, મન અને ધનના સહકારથી ખૂબજ સુંદર રીતે સંપન્ન થઈ.

વિતેલા વરસ દરમ્યાન મન, વચન, કાયાથી જાણતાં કે અજાણતાં આપ જ્ઞાતિજનોનું અમારા તરફથી મન દુઃખ થયું હોય તો હાર્દિક ક્ષમાપના અને સૌને મિચ્છામી દુક્કડમ્...

**શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**

**શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ**

આપના ભવદીય



**✻ પદાધિકારીઓ ✻**

**પંકજ કેશવજી ધરમશી** (પ્રમુખ) ● **ઠાકરશી ડાહ્યાલાલ ધરમશી** (ઉપપ્રમુખ)

**બીપીન પાશ્વીર નાગડા** (માનદમંત્રી) ● **અશોક લાલજી લાલકા** (ખજાનચી)

**રમેશ દેવચંદ વોરા** (ટ્રસ્ટી)

**જીવરાજ ધરમશી વોરા** (સ્થાનક ટ્રસ્ટી) ● **ગુલાબચંદ ત્રીકમજી નાગડા** (સ્થાનક ટ્રસ્ટી)



।। શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ।।

## શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને ઉપાશ્રય ટ્રસ્ટ

### શ્રી રંગપુર કાયમી ભોજનશાળા ફંડ ● સંવત ૨૦૬૮-૬૯ના ઉદારદિલ દાતાઓ

| | |
|---|---|
| ૨૧,૦૦૦ | માતુશ્રી મોંઘીબાઈ લાલજી ચત્રભોજ લાલકા |
| ૨૧,૦૦૦ | માતુશ્રી લીલબાઈ પદમશી વેરશી વોરા |
| ૨૧,૦૦૦ | માતુશ્રી ગોમાબાઈ ડાહ્યાલાલ હીરજી ધરમશી હ. ઠાકરશીભાઈ |
| ૨૧,૦૦૦ | માતુશ્રી લલીતાબેન કેશવજી કાનજી ધરમશી |
| ૧૨,૦૦૦ | મા. કંચનબેન (દિપાલીબેન) ગુલાબચંદ ત્રીકમજી નાગડા |
| ૧૨,૦૦૦ | મા. ધનબાઈ રામજી માણેકજી નાગડા હ. સુરેશભાઈ |
| ૧૧,૦૦૦ | મા. બાયાંબાઈ શીવજી કરમશી ખોના |
| ૧૧,૦૦૦ | મા. લીલબાઈ મેઘજી કરમશી ખોના |
| ૧૧,૦૦૦ | મા. પુષ્પાબેન પાશ્વીર વીરજી નાગડા |
| ૧૧,૦૦૦ | મા. જયાબેન મોતીલાલ દેવજી લોડાયા |
| ૧૧,૦૦૦ | મા. પુષ્પાબેન ભવાનજી ટોકરશી ખોના |
| ૧૧,૦૦૦ | મા. નવલબેન મણીલાલ પદમશી દંડ |
| ૧૧,૦૦૦ | મા. મેઘબાઈ મણશી જીવરાજ નાગડા હ. લક્ષ્મીચંદભાઈ |
| ૧૧,૦૦૦ | શ્રી સોમચંદ ઠાકરશી મોતીચંદ ધરમશી |
| ૧૧,૦૦૦ | મા. મણીબેન વનરાજ પુનશી લોડાયા હ. ભરતભાઈ |
| ૧૧,૦૦૦ | મા. સરોજબેન માણેકજી રૂપશી લોડાયા હ. જ્યોતિબેન સુનીલ લોડાયા |
| ૭,૨૦૦ | મા. સોનબાઈ રાયચંદ કરમશી લોડાયા હ.ઉષાબેન અરવિંદ, લતાબેન પ્રવીણ, પુષ્પાબેન |
| ૫,૫૫૫ | મા. શાંતાબેન વેલજી હંસરાજ વોરા હ. પ્રદીપભાઈ |
| ૫,૦૦૫ | શ્રી દિલીપ વીરપાર ચત્રભુજ લાલકા હ.અ.સૌ. રીમા સંજય, અ.સૌ. મીતલ મનીષ |
| ૫,૦૦૧ | મા. પુષ્પાબેન ગાંગજી ધનજી નાગડા |
| ૫,૦૦૧ | મા. જયાબેન કુંવરજી ડાહ્યાભાઈ ધરમશી |
| ૫,૦૦૧ | કુમારી દિશીતા ભૂપેન્દ્ર લખમશી લોડાયા |
| ૫,૦૦૧ | મા. વીણાબેન મણીલાલ લખમશી લાલકા |
| ૫,૦૦૧ | મા. જયાબેન નરશી ભાણજી લાપસીયા<br>હ. લક્ષ્મીચંદભાઈ, પ્રવીણભાઈ, મણીલાલભાઈ અને અશોકભાઈ |
| ૫,૦૦૦ | મા. વિજયાબેન ત્રીકમજી ખેતશી ધરમશી |
| ૫,૦૦૦ | મા. પ્રેમીલાબેન લાલજી દામજી નાગડા હ. જયંતીલાલભાઈ |
| ૫,૦૦૦ | મા. સુશીલાબેન કાંતિલાલ કલ્યાણજી ધરમશી હ. રાજેશભાઈ |
| ૫,૦૦૦ | મા. રમીલાબેન પુનશી ધરમશી મુનવર |

**સર્વે દાતાઓનો આભાર-અનુમોદના.**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

## વિવિધ સમિતીઓ દ્વારા જ્ઞાતિ ઉપયોગી સેવાઓ, આપ સૌ જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી

### HEALTH WEALTH

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા
માંદગી દરમ્યાન કોઈપણ પ્રકારની
જરૂરત/સલાહ માટે

સંપર્ક : મનીષ ડાગા - 2567 9671

### KDO GRUhA UDHYOG

માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા ટ્રસ્ટ દ્વારા
**દિપાવલી સ્પેશયલ**
ચોકલેટ,
કાજુકતરી, કાજુબદામ રોલ, મોતીચુર લાડુ
ગીફ્ટ પેકિંગમાં ઉપલબ્ધ

સંપર્ક : રાયચંદ લોડાયા - 98211 31206

### eduspark

let us light, the light within

**બેઝીક કોમ્પ્યુટર કલાસ**
**તદન ફ્રી**
સૌજન્ય
જી.ડી. સ્ટડી સર્કલ - ગુલાબભાઈ ધરમશી

સંપર્ક : પોલમી ધરમશી - 98213 35888

### RIGHT MATCH

Pairs forever

**સગપણ સેતુ**
નવા ઉમેદવારોએ ફોર્મ ભરી
જવા વિનંતી

સંપર્ક : ચાંદની લાલકા - 98332 25053

### ધાર્મિક

ધાર્મિક ગ્રુપ ટ્યુશન લેવા તથા આપવા
આપને આમંત્રણ
મુલુંડ - મધુર મિલન કે. ડી. ઓ સોસાયટી
સંખ્યા ૧૦
ટીચર - હંસાબેન ખુશાલ મૈશેરી

સંપર્ક : કુમાર દંડ - 93226 80008

### સાધર્મિક સહાયતા

સાધારણ પરિસ્થિતિવાળા
**સિનિયર સીટીઝન માટે**
**દર મહિને ૧૫૦૦/-**
જરૂરીયાતમંદોએ સંપર્ક કરવા વિનંતી

સંપર્ક : વીરેન્દ્ર લોડાયા - 98210 73830

### SMS તથા વેબસાઈટ

મહાજનશ્રીના SMS મેમ્બર બનવા
**9220092200**
ઉપર
**JOIN KDOS**
લખી મેમ્બર બનો

સંપર્ક : જયેશ મોમાયા - 98205 53123

### સમૂહ લગ્ન

**૬૯મો સમૂહ લગ્ન**
રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨
આંતર જ્ઞાતિ લગ્ન (છોકરો KDO હોવું જરૂરી) સ્વીકારશે.

સંપર્ક : મુકેશ લોડાયા - 98211 54326
રાહુલ ધુલ્લા - 98214 81450

### Job Junction

successful career station

**નોકરી મેળવવા તથા**
**નોકરી આપવા.**

સંપર્ક : પોલમી ધરમશી - 98213 35888

### નૈતિક ફરજ

**લાગા / રોલ પત્રક**
મહાજનશ્રીના લાગા આજે જ
કાર્યાલયે ભરી જવા નમ્ર વિનંતી.

સંપર્ક : તેજપાલ ધરમશી - 98700 70027

### યુવા તથા સ્પોર્ટસ

**ટ્રેડફેર**
જાન્યુઆરી - ૨૦૧૩
તથા વિવિધ રમતગમતનું આયોજન

સંપર્ક : અજય લોડાયા - 98923 72777

### KDOworld

KUTCHI DASHA OSWAL
SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, MUMBAI

**જ્ઞાતિ શિરોમણી**
નવા રંગ રૂપ સાથે
જાહેર ખબરો આવકાર્ય

સંપર્ક : સંજય લોડાયા - 98672 49572

**વસ્તી પત્રકના ફોર્મ ભરી પોતાના સેન્ટર ઉપર મોકલી આપવા વિનંતી**

Web :- www.kdomahajanmumbai.org e-mail :- kdomumbai@gmail.com મહાજન કાર્યાલય - ૨૩૪૪ ૮૨૭૪, મો. ૯૮૯૨૭ ૪૧૪૧૪

## આરોગ્ય-પ્રકાશ : શું તમે તમારા બાળકને બેક્ટેરિયાયુક્ત દૂધ આપશો?

પસ (પરુ) એક સફેદ, પીળાશ પડતો જાડો પદાર્થ છે, જે બેક્ટેરિયાનું ઇન્ફેક્શન હોય ત્યાં હોય છે તેમાં ઘણાં ઇન્ફેક્શનન્સ પીમ્પલ્સમાં હોય છે, જે ઊંડાણ સુધી હોય છે. પસ મોટે ભાગે સફેદ લોહીના કણમાં ખાસ રીતે બનેલો હોય છે. તેને ન્યુટ્રોફિલ્સ કહેવાય છે. તેમનું મુખ્ય કામ નાનામાં નાના બેક્ટેરિયા ખાઈને તેને પચાવવાનું હોય છે. આ રીતે ઇન્ફેક્શન સામે લડતાં તેઓ નાશ પણ પામે છે. તેથી પસ એ જીવિત અને મૃત યોદ્ધાઓનું યુદ્ધક્ષેત્ર છે. તેમાં બેક્ટેરિયા અને આજુબાજુના લોહીના મૃત કણો હોય છે. પસ એટલે લોહીના સફેદ કણ, જે શરીરના ઇન્ફેક્શન સામે લડે છે. લોહીના આ સફેદ કણનું બીજું નામ છે સોમેટિક સેલ (Somatic cell) છે. આખી દુનિયાનો ડેરી ઉદ્યોગ એ જાણે છે કે દૂધમાં પસનો પ્રશ્ન છે. સોમેટિક સેલની માત્રા દૂધમાં વધુ હોય છે, તેટલી દૂધમાં પસની માત્રા વધુ હોય છે. શું તમને ગ્લાસ ભરીને (પરુ) પીવું ગમશે? તમે કહેશો ના, પણ હકીકત છે. ભારત તેની પરવાનગી પણ નથી આપતું અને મનાઈ પણ નથી કરતું. તે આ પ્રશ્નની સંપૂર્ણપણે અવગણના કરે છે. દૂધમાં પસ કેવી રીતે થાય છે? કારણકે ગાય કે ભેંસને અનેકવાર દૂધ લેવા માટે દોહવામાં આવે છે જેના કારણે મેસ્ટિટિસ અથવા ઇન્ફેક્શન આંચળમાં લાગે છે. ડેરીનાં દરેક દૂધાળાં ઢોરને દૂધ માટે અનેકવાર દોહવામાં આવે છે અને ખાસ કરીને ભારતમાં ગંદા અને ખરબચડાં હાથથી ગાયને દોહવાને કારણે આંચળમાં ચીરા પડી જાય છે અને તેમાં ઇન્ફેક્શન થાય છે. લોહી અને પસ જમા થઈને દૂધમાં ભળી જાય છે. દરેક લિટર દૂધ કરોડોગણા પસ સેલ્સ બનાવે છે. "બોવીન ગ્રોથ હોર્મોન," જેને મોન્સાન્ટો કંપનીએ પોસિલેક (Posilac) જે ગ્રોથ હોર્મોન તરીકે માર્કેટિંગ કરીને વેચાણમાં મૂક્યું છે. આ રીતે જેનેટિકલી પેદા કરાયેલા બોવીન ગ્રોથ હોર્મોન જે ઇન્જેક્શનરૂપે દર અઠવાડિયે ગાયને આપીને તેને પોતાની શારીરિક ક્ષમતા કરતાં વધુ દૂધ ઉત્પન્ન કરવા માટે દબાણ કરે છે. ગાય વધુ પ્રમાણમાં દૂધ ઉત્પન્ન કરવા સક્ષમ ન હોવાથી તેને આંચળમાં પીડાદાયક ઇન્ફેક્શન "મેસ્ટિટિસ" થવાનો ભય ઊભો થાય છે. જ્યારે તેને દૂધ માટે દોહવામાં આવે ત્યારે પસ અને ઇન્ફેક્શન પણ દૂધ સાથે ભળી જાય છે. જર્નલ નેચર જણાવે છે પોસિલેક દૂધમાં સોમેટિક સેલ વધારે છે, જે પસ દૂધમાં ૧૯% લગભગ વધારી દે છે. મોન્સાન્ટોના આંકડા મેસ્ટિટિસમાં ૭૯%નો વધારો અને ૧૯% સોમેટિક સેલની માત્રામાં વધારો દર્શાવે છે. ખરી રીતે પોસિલેક પર ચેતવણી આપે છે. પોસિલેક ઇન્જેક્શન આપેલ ગાયને ક્લિનિકલ મેસ્ટિટિસનો ખતરો વધુ હોય છે.

પોસિલેકનો ઉપયોગ સોમેટિક સેલની માત્રા વધારવા (પસ અને બેક્ટેરિયા) માટે થાય છે. ડેરી ઉદ્યોગના જણાવ્યા મુજબ કોઈ પણ દૂધમાં સોમેટિક સેલની માત્રા દરેક લિટરે ૨૦૦ મિલિયન કરતાં વધુ હોય તો તે માનવશરીરના ખોરાકરૂપે પ્રવેશ કરવા દેવાય નહીં. હોર્ડસ ડેરીમેન ૨૦૦૪ના અંકમાં જણાવવા મુજબ કેલિફોર્નિયામાં ૨૦૦૩માં દર એક લિટર દૂધ ઉત્પાદનમાં ૨૯૮ મિલિયન પસ સેલ હતા, જે ૨૦૦૨ કરતાં ૧૧ મિલિયન પસ સેલ વધુ હતા. આલાબામામાં ૪૪૪ મિલિયન સેલ્સ, નેવાડામાં ૪૪૩ મિલિયન છે. ફ્લોરિડામાં સૌથી વધુ પ્રમાણ દર લિટરે ૫૪૮ મિલિયન પસ સેલ્સ અથવા ૧૩ મિલિયન એટલે દરેક આઠ ગ્લાસ જેટલા દૂધમાં હોય છે.

૧૯૯૩માં તેઓ એક નવા "હોર્મોન" (RbGH) બજારમાં મૂકવાના હતા, જેના કારણે ગાયના આંચળ અકુદરતી રીતે વિકાસ પામે, જેને કારણે આંચળની અંદર અને બહાર અલ્સર થાય છે અને ડેરી કાઉન્સિલ કોઈ પણ પ્રકારના નિવેદન વગર દરેક લિટરે ૩૦૦% પસ સેલનો વધારો કરે છે.

યુરોપ, યુ.કે. અને કેનેડામાં દર લિટરે ૪,૦૦,૦૦૦,૦૦૦ પસ સેલ્સની પરવાનગી છે. ૨૦૦૬માં યુકેના વર્તમાનપત્રમાં હેડલાઈન્સ હતી. Time to come clean about the pus in milk' ૬૭ પાનાંના ડો. જસ્ટિનના રિપોર્ટમાં ૨૦૦ વૈજ્ઞાનિક સંદર્ભો સાથે જણાવેલું કે ગાયોની બીમારીના કારણસર લગભગ ૪૦૦ મિલિયન પસ સેલ્સ દર એક લિટર દૂધ અને ડેરી ઉત્પાદનમાં પરવાનગી આપવામાં આવી હતી. દરેક એક ચાની ચમચીના પ્રમાણમાં બે મિલિયન પસ સેલ્સ હોય છે. સરકારે દૂધનાં કાર્ટુન્સનાં લેબલ પસનું પ્રમાણ લખવું ફરજિયાત બનાવવું જોઈએ. જે ઢોરને વારંવાર દૂધ માટે દોહવામાં આવે છે તેને આખરે મેસ્ટિટિસ એક પ્રકારનું ટીટનું ઇન્ફેક્શન થાય છે. દૂધ ઉત્પાદન વધારવા માટે અને દિવસમાં વારંવાર દૂધ માટે દોહવાતી હોવાથી થાકી જાય છે તેને મેસ્ટિટિસ થાય છે અને તેનો અર્થ કે દૂધમાં જ્વલનશીલ સેલ ઉત્પન્ન થાય છે. ગાય સામાન્ય સંજોગોમાં રોજ દસ પાઉન્ડ દૂધ આપી શકે છે. તે હવે રોજ ૧૦૦થી વધુ પાઉન્ડ દૂધનું ઉત્પાદન કરવું પડે છે.

દરેક ડેરીના માલિકો અને વૈજ્ઞાનિકો કહે છે કે મેસ્ટિટિસ ૩૦ થી ૫૦% સુધીના ઢોરમાં ખૂબ ફેલાયેલી પરિસ્થિતિમાં છે. મેસ્ટિટિસને એન્ટિ બાયોટિક્સ સાથે સીધું આંચળમાં ઇન્જેક્શનથી આપવામાં આવે છે. અંતે આ દવાઓ સીધી દૂધમાં ભળી જાય છે. પાસ્ચરાઇઝેશન કે ઉકાળવાથી પસ સેલ્સ શુદ્ધ થતાં નથી. ભારતમાં એસસીસી માટે કોઈ ચેકિંગ કે નિયમ નથી તેથી ૯૦% ગાયોમાં મેસ્ટિટિસ હોય છે.

ઇન્ટરનેશનલ ડેરી ફેડરેશન વિયેનામાં રજૂ કરેલાં પેપર્સમાં જણાવ્યું છે કે મેસ્ટિટિસ દૂધાળા ઢોરમાં સંપૂર્ણપણે દૂર કરી શકાય નહીં. તેથી એસસીસી અથવા પસનું પ્રમાણ ચેક કરવા માટે આખા વિશ્વમાં ધારાધોરણ રાખવાં જોઈએ. જ્યારે તમને ખબર હોય કે એક ગ્લાસ દૂધમાં ૫૦૦ પસ સેલ્સ હોય તો તમે તમારા બાળકને દૂધ પીવડાવશો?

*- મેનકા ગાંધી (સંકલિત)*

## સગપણ સમસ્યા અને નારીશક્તિ — *પ્રવિણ લોડાયા (વડોદરા)*

આજે દેશાવરમાં અપાતી કેળવણીની વાત કરવી છે. એક નાનું એવું પાંચ-પચીસ હજારની વસતીનું ગામ છે. ત્યાં વર્ષોથી જ્ઞાતિનું એક જ કુટુંબનું પરિવાર વસે છે.

એ કુટુંબને દીકરીઓના સગપણ કરવામાં જરા પણ તકલીફ પડી નથી. એ કુટુંબની દીકરીઓને પોતાના કુટુંબમાં સમાવેશ કરાવવા જ્ઞાતિજનોની પડાપડી થતી મેં અનુભવી છે.

કારણ શું? તો કુટુંબે કન્યાઓને આપેલી **કેળવણી** અને **ધાર્મિક સંસ્કાર.** દરેક વ્યક્તિને જીવનમાં ત્રણ માતા હોય છે. એક જન્મદાત્રી "મા", બીજી જન્મભૂમિ અને ત્રીજી માતૃભાષા.

આપણા સમાજમાં જન્મદાત્રી એ જ સંસ્કારદાત્રી મા છે. એટલે ગળથૂથીમાંથી માતા જે સંસ્કારોનું સીંચન કરે છે તેથી જ બાળકને દુનિયાનો અને વ્યવહારનો પરિચય થાય છે.

એક સમય હતો જ્યારે માતાઓ સવાર પડે ત્યારે ભજન અથવા કેવણનાણી અને સારા પ્રભાતિયાથી સવારની શરૂઆત કરતી. જેને કારણે લોકસંસ્કૃતિનો બાળકને પરિચય થતો.

બાળકોની નજીક હમેશા "મા" હોય છે. એ જે સંસ્કારો બાળકને આપે છે એટલેજ કહેવાયું છે કે એકમાં સો શિક્ષકોની ગરજ સારે છે.

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને હંમેશા "મહાન" ગણવામાં આવી છે. તેને દેવી તરીકે પૂજવામાં આવે છે.

ભારતીય નારીને દુનિયાના કોઈપણ ખુણામાં જવામાં ડર લાગ્યો નથી. અજાણ્યા મુલકમાં જઈને પણ એણે પોતાનું નામ દીપાવ્યું છે. સાથે સાથે જ્ઞાતિનું નામ પણ રોશન કર્યું છે.

દુનિયાની બધી જ સ્ત્રીઓ એકબીજાથી જુદી નથી હોતી. ત્યારે મુંબઈ અને દેશાવરનો પ્રશ્ન ક્યાં આવ્યો!

સ્ત્રીઓ શા માટે એકબીજાની જુદી નથી હોતી?

કોઈપણ યુગની કોઈપણ વયની સ્ત્રી શા માટે એકસરખું વિચારે છે? શા માટે એકસરખું અનુભવે છે? શા માટે એકસરખી બાબતે પીડા અનુભવે છે? શા માટે એકસરખી વાત પર ક્રોધિત થાય છે? અને ક્રોધ વ્યક્ત કરવાની રીત પણ શા માટે એકસરખી હોય છે?

સ્ત્રી સ્વધર્મમાં માને છે. કર્મમાં માને છે અને કોઈપણ પ્રકારનો અપરાધભાવ અનુભવ્યા વિના પરિસ્થિતિનો સહજ ભાવે સ્વીકાર કરી શકે છે.

સ્ત્રીનું વ્યક્તિત્વ સૂર્યના તેજથી પણ પ્રખર હોય છે. એના જન્મનું કારણ યુગોમાં પ્રવર્તી રહેલી કાલિમાને ભૂંસીને પોતાના તેજથી પુત્રોને ઝળાંહળાં કરવાનું છે.

બધી દિશાઓમાંથી આવતી નદીઓ પોતાના પ્રવાહો સમર્પિત ભાવથી, પોતાનું આટલું સંચિત, મીઠું જળ સમુદ્રમાં રેડી દે છે. એક પણ પ્રશ્ન પૂછ્યા વિના પોતાના સમગ્ર અસ્તિત્વને સમુદ્રમાં ભેળવીને આટલા બધા મીઠા પાણીને ખારું થઈ જવા દઈને પણ આ નદીઓ સમુદ્રને મળવાની ઝંખના કેમ રોકી શકતી નથી?

આવી જ રીતે સ્ત્રીનું જીવન માત્ર એક દિશામાંથી બીજી દિશામાં નિશ્ચિત કિનારાઓ વચ્ચે વહ્યા કરે છે. એટલે જ એ પોતાનામાં રહેલી તમામ મીઠાશ, પોતાનામાં રહેલી તમામ ઝંખનાઓ, આકાંક્ષાઓ અને લાગણીઓને પુરુષમાં રેડી દઈને એના અસ્તિત્વ સાથે એકરૂપ થઈ જાય છે. એ છે નારીનું સમર્પણ.

હૃદય અને મનને વશમાં કરીને સાચા અર્થમાં સ્વધર્મનું પાન માત્ર સ્ત્રી જ કરી શકે છે.

સ્ત્રીને જ આવડત છે, ક્ષમાની, સ્વીકારની, સહજતાની ને સ્નેહની! એ પીડા સ્વીકારીને જીવન જન્માવે છે - એથી જ મોક્ષના ચોથા ફેરામાં એ આગળ રહે છે.

કુશાગ્ર બુધ્ધિ ધરાવતી, પોતાનું સત્વ સાચવી રાખવા માટે ઝઝૂમતી તેજશીખા સમી પવિત્ર નારીઓને સહસ્ત્ર વર્ષો સુધી આપણે સ્મરણ કરી રહ્યા છીએ.

સોળ સતીઓ હોય કે અર્વાચિન યુગની સ્ત્રીઓ હોય, સ્ત્રીમાં ઝઝૂમવાની જીવન સાથે લડવાની અન ેલડીને ફરી-ફરીને હારવાની, હારીને ઉભા થવાની અને ફરી લડવાની ગજબની શક્તિ હોય છે.

જેનું જીવન આખું અસ્તિત્વનો ઉત્સવ છે, જે પૂર્ણ રીતે ખીલીને બીજાને ખીલવવામાં માનતી હોય એવી વ્યક્તિ જ્યારે મુંબઈ-દેશાવરનો ભેદ કરે ત્યારે એના પડઘા ચારે તરફ પડે અને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે.

એટલે સ્ત્રીશક્તિ જ સમાજની આવી સમસ્યાનો ઉકેલ લાવી શકે છે અને પોતાના સંતાનોને સમજાવીને, કેળવીને સગપણ બાબતે અપેક્ષાભાવે સર્જાયેલા કચ્છ, દેશાવળ અને મુંબઈ જેવા ક્ષુલ્લક ભેદભાવોને મીટાવી શકે છે.

નવીપેઢીને જ્ઞાતિદાઝ સાથે લગાવ રાખવા માત્ર "માં" શક્તિજ કામ આવી શકે. સમાજના ઘડતરમાં નારીશક્તિનું મહત્વ છે. બહેનોજ સુધારણાની ક્રાંતિ લાવી શકશે.

## સંતાનો મોટાં થઈ ગયાં છે?

તરુણાવસ્થામાં આવેલી દીકરી સાથે પોતાના સંબંધ વિશે એક મહિલાએ લખ્યું છેઃ "હું મારા જાતઅનુભવ પરથી કહી શકું તેમ છું કે જ્યાં સુધી દીકરી તરુણાવસ્થામાં આવતી નથી ત્યાં સુધી મા-દીકરી વચ્ચેના સંબંધો સુમેળભર્યા હોય છે, પરંતુ દીકરીની તરુણાવસ્થા દરમિયાન એ જ સંબંધોમાં વિચિત્ર પ્રકારની તાણાવભરી પરિસ્થિતિ જન્મે છે. મારી પુત્રી નાની હતી ત્યારે કહેતી, "મા, હું મોટી થઈને તારા જેવી જ બનવા માગું છું," અથવા "મમ્મી, આપણા વચ્ચે વિરોધ ઊભો થવાની કોઈ શક્યતા જ નથી કારણ કે હું તારી વાત સાંભળું છું ને તું મારી વાત સાંભળે છે." હવે મારી એ જ દીકરી હું એને જે કહું છું તેની સાથે સાચા મનથી સહમત હોતી નથી. હું એને જે સૂચન કરું તેનાથી એ જુદું જ વિચારતી હોય. હું મૂંઝાયેલી રહેવા લાગી હતી. મારી મૂંઝવણ મારા પતિના ધ્યાન પર આવી. મેં એમને તે વિશે જણાવ્યું ત્યારે એ બોલ્યાઃ "તને ખબર નથી,તારી દીકરી મોટી થઈ ગઈ છે? એ માનસિક રીતે સ્વતંત્ર થવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહી છે." મેં એમની વાત પર લાંબો વિચાર કર્યો, વરસો પહેલાં મારી મા અને મારી વચ્ચે શું બન્યું હતું તે બધું પણ મને યાદ આવવા લાગ્યું. હું પણ મારી ઉંમરના એક તબક્કે મારી માથી જુદી પડવા લાગી હતી. તે દિવસથી હું મારી ટીન-એજ દીકરીને જુદી રીતે જોવા લાગી. એ એના જીવનમાં પોતાની સ્પેસ-પોતાની જગ્યા ઊભી કરી શકે તે માટે હું અને મોકળાશ આપવા લાગી. સાથે સાથે એની સ્વતંત્રતા સ્વચ્છંદતા ન બની જાય તેના પર પણ નજર રાખતી રહી."

હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો થયા પછી આગળ શું કરવું તે માટે ઘરમાં ચર્ચા થવા લાગી હતી. પિતા ઈચ્છતા હતા કે એનો દીકરો મેડિકલમાં જાય. દીકરાની વાત સાંભળવા તૈયાર નહોતા. વાતાવરણ તંગ થઈ ગયું. દીકરાએ પિતાના આગ્રહનું કારણ પૂછ્યું. પિતા પાસે નક્કર કારણ નહોતું. એમણે કહ્યુંઃ "તું નાનો હતો ત્યારથી અમે તને ડોક્ટર બનાવવાનું સપનું સેવ્યું છે. મેં ને તારી માએ અમારા બધા શોખ પડતા મૂકીને તને ડોક્ટર બનાવવા પૈસા ભેગા કર્યા છે. તું તારાં માબાપની આટલી ઈચ્છા પણ પૂરી કરવા તૈયાર નથી?" દીકરાએ કહ્યુંઃ "પણ મને મેડિકલમાં જવાની જરાય ઇચ્છા નથી. મેં કળાના ક્ષેત્રમાં જવાનું સપનું સેવ્યું છે એનું શું?"

આ બધી ચર્ચા દરમિયાન મા કશું બોલી નહોતી. દીકરાએ જોયું. માની આંખમાં આંસુ હતાં. દીકરાએ પૂછ્યુંઃ "તું શું કહે છે, મમ્મી?" મા બોલીઃ "મને તો ઊંઘ આવે છે, જુઓ તો કેટલા વાગી ગયા છે." રાતે કોઈ સૂઈ શક્યું નહીં. પત્નીએ પતિને કહ્યુંઃ "તમને નથી લાગતું કે આ બધાં વરસો દરમિયાન આપણો દીકરો પણ મોટો થતો રહ્યો છે?" પિતાએ સંમતિસૂચક માથું હલાવ્યું. સવારે નાસ્તો કરવા બેઠાં ત્યારે દીકરાએ કહ્યુંઃ "પપ્પા, કાલ રાતે મેં બહુ વિચાર કર્યો, મને લાગે છે કે-" પિતાએ એને બોલતો અટકાવ્યોઃ "તારે કશું બોલાવની જરૂર નથી, અમે તારી સાથે સહમત છીએ. તારે જે લાઈન લેવી હોય તે લઈ શકશે." મા પણ માથું હલાવી રહી હતી. દીકરો આશ્ચર્યથી જોઈ રહ્યો. પછી બોલ્યોઃ "પણ મેં મારો વિચાર બદલી નાખ્યો છે, પપ્પા, હું તમારું સપનું પુરું કરીશ." માએ દીકરાના હાથ પર હાથ મૂકીને કહ્યુંઃ ઓ અમારું સપનું તારી ઇચ્છાથી મોટું નથી. અમે જ તને યોગ્ય નિર્ણય લેતાં શીખવ્યું છે. હવે તું બાળક નથી, તું અમારા જેવડો જ મોટો થઈ ગયો છે!"

એક માતા એના તરુણ દીકરા વિશેઃ "અમારાં બંને સંતાનો, દીકરી અને દીકરો, ટીન-એજમાં છે. મારી પુત્રી એની મુંઝવણો મને જણાવી શકે છે. અમારા વચ્ચે મતભેદ થાય ત્યારે પણ અમે તેનાં સમાધાન શોધી લઈએ છીએ. મારા દીકરા સાથે એવું થઈ શકતું નથી. મને લાગે છે. એ મારાથી દૂર થતો ગયો છે. એ એની કોઈ વાત મને જણાવતો નથી, જાણે એણે પોતાને ચારે બાજુથી બંધ કરી દીધો છે. મારી અને એની દુનિયા સાવ જુદી બની ગઈ છે. એ જે વિશ્વમાં રહે છે, તે વિશ્વથી તો હું સાવ જ અજાણી છું." સામે દીકરો કહે છેઃ "મારી માને મારા વિશે બધું જ જાણવું હોય છે, એને એટલી પણ ખબર પડતી નહીં હોય કે હવે હું બાળક નથી, મોટો થઈ ગયો છું?"

એક મનોચિકિત્સકે કહ્યું છેઃ "મા-બાપ માને છે એનાથી ત્રણ વરસ પહેલાં એમનાં સંતાનો પુખ્ત થઈ ગયાં હોય છે અને સંતાનો પોતાને મોટાં થઈ ગયેલાં માને છે તેનાથી બે વરસ પછી તેઓ પુખ્ત બને છે."

***(સંકલિત)***


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

## ધર્મ–પ્રકાશ : પૂર્વ જન્મોના પ્રવાસે

મહાવિદેહ ક્ષેત્રની તે ધન્ય ધરતીની આ વાત છે, જ્યાં સદાય તીર્થંકર દેવો વિહરી રહ્યાં છે. કોઈ કાળ એવો આવ્યો નથી, જ્યારે તીર્થંકર દેવો ત્યાં અવિદ્યમાન બન્યાં હોય. એવો કાળ કદી આવશે નહિ, જ્યારે તીર્થંકરોની વિદ્યમાનતા ત્યાં ટકે નહિ. આવા બડભાગી ક્ષેત્રની "પુષ્પકલાવતી" વિજયમાં તેની રાજધાની "પુંડરિકિણી" નામની નગરી રહેલી છે. આ નગરમાં વજ્રસેન નામના તીર્થંકર પ્રભુનો જન્મ થયો. ક્રમશઃ પ્રભુ યુવાન બન્યાં. રાજ્યાભિષેક પામ્યાં. પ્રભુને પાંચ પુત્રોની ઉત્પત્તિ થઈ. તેમના નામ અનુક્રમે વજ્રનાભ, બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ પડ્યાં.

મોટો ભાઈ વજ્રનાભ ચૌદ સ્વપ્નથી સૂચિત બનીને જન્મ પામ્યો હતો. તેથી તે ચક્રવર્તી બનશે, એ નિશ્ચિત હતું. કેમકે તીર્થંકરપ્રભુને તેજ ભવમાં તીર્થંકર બનનારાં પુત્રની પ્રાપ્તિ થઈ શકતી નથી. હા, ચક્રવર્તી બનનાર પુત્ર તીર્થંકરને થઈ શકે. અહીં પણ એમ જ બન્યું.

કાળક્રમે વજ્રસેન તીર્થંકરે દીક્ષા લીધી અને વજ્રનાભને રાજ્ય સોંપ્યું. વજ્રનાભે સમગ્ર પુષ્પકલાવતી વિજયનો દિગ્વિજય કર્યો, એથી આ વિજયના બત્રીશ હજાર મુકુટાધિપતિ રાજાઓએ વજ્રનાભનો ચક્રવર્તી તરીકે અભિષેક કર્યો. ચિરકાળ સુધી તેણે ચક્રવર્તીની સંપદા ભોગવી. તેના ચાર નાના ભાઈઓ ચાર દિક્પાલોની જેમ મોટાભાઈને વફાદાર બનીને તેમની સાથે રહ્યાં. એકવાર વજ્રસેન તીર્થંકરની પુંડરિકીણિ નગરીમાં પધરામણી થઈ. વજ્રનાભ ચક્રવર્તીએ સામૈયું કર્યું. પ્રભુની દેશના સાંભળી. એક જ દેશનાના શ્રવણથી તેમના અંતઃકરણમાં વૈરાગ્યનું બીજ અંકુરિત થયું. પ્રભુ પાસે તેમણે પ્રવ્રજ્યા સ્વીકારી. પેલાં બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠે પણ મોટાભાઈના પગલે પગલું દબાવ્યું. તેમણે પણ દીક્ષા લીધી. સૌ ભગવાનના શિષ્યો થયાં.

વજ્રનાભ ચક્રવર્તીએ સંપૂર્ણ દ્વાદશાંગીનું અધ્યયન કર્યું, એથી તેઓ શ્રુત કેવળી બની શક્યાં. બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ મુનિએ અગિયાર અંગનો અભ્યાસ કર્યો. જ્ઞાન ક્ષયોપશમથી અધિક મળતું નથી. ચાહે સરસ્વતી કેમ હાજર ન થાય એ બૃહસ્પતિ પાસે પણ કેમ ભણી ન લે. આયુષ્યપૂર્ણ થયું એટલે વજ્રસેન તીર્થંકરનું નિર્વાણ થયું. આ તરફ વજ્રનાભ ચક્રવર્તી રાજર્ષિ હવે શ્રુત કેવળી હતાં, સૂરિપદ પામ્યાં, તેમના ગચ્છમાં પાંચસો મુનિઓ સંયમની સાધના કરતાં હતાં.

કોક સમયે શ્રુતકેવળી વજ્રનાભ મુનિએ વીસસ્થાનક તપની અત્યંત અહોભાવપૂર્વક આરાધના કરી. એના બળે એમણે તીર્થંકર નામકર્મની નિકાચના કરી. તેઓ ત્રીજા ભવે તીર્થકંર બનશે, એ નિશ્ચિત થઈ ચૂક્યું. બાહુ મુનિ અગ્યાર અંગ સૂત્રો ભણી લઈને ગીતાર્થ બનેલાં હતાં તેમ છતાં રોજ પાંચસો મુનિઓની ભિક્ષા તેઓ એકલા લઈ આવતાં. આ રીતે એઓ ગચ્છની અદ્ભુત વૈયાવચ્ચ કરતાં હતાં. તો સુબાહુ મુનિ ગચ્છના ગ્લાનમુનિઓની શરીરની વિશ્રામણા કરી આપતાં. એમનો આ રોજનો ક્રમ. જરાય મોટાઈ લાવતાં નહિ કે હું ગીતાર્થ છું અને કોકના હાથ-પગ દબાવું!

કોઈ અવસરે વજ્રનાભ મુનિએ બહુ અને સુબાહુ મુનિઓની પ્રશંસા કરી કે જુઓ, મુનિવરો! આ બંનેય આત્માઓ સંયમીઓની કેવી ભવ્ય વૈયાવચ્ચ કરે છે? કોઈ સ્વાર્થ નથી. સ્વયં આ બધાથી અધિક જ્ઞાની છે. રત્નાધિક છે છતાં દેહબળને પૂરેપૂરું વાપરી લઈને મુનિઓની સેવા કરે છે.

પ્રશંસાના ઉપરોક્ત શબ્દો પીઠમુનિ અને મહાપીઠ મુનિના કાનમાં પડયા. તે બન્નેય મુનિઓએ મનોમન બાહુ અને સુબાહુની પુષ્કળ ઈર્ષ્યા કરી કે, આપણે ભલે સેવા કરતાં નથી, પરંતુ વિપુલ ધ્યાન ધરીએ છીએ. પંદર કલાક સ્વાધ્યાય કરીએ છીએ છતાં આપણી પ્રશંસા થતી નથી અને આ મુનિઓની પ્રશંસા થાય છે. નક્કી, ગુરુ ભગવંતોને પણ પોતાની સેવા કરનારાં જ અધિક પ્રિય થઈ પડે છે. આાવ વિચારો જોકે તેમણે કોઈની સમક્ષ વર્ણવ્યાં નહિ, પણ મનમાં માયામૃષાવાદ સહિત આ વિચારોને સેવ્યાં. પરિણામ એ આવ્યું કે, લાંબો સમય સંય પાળ્યું, તેમ છતાં પીઠ મુનિએ તેમજ મહાપીઠ મુનિએ સ્ત્રીવેદ બાંધ્યું. પેલા બાહુમુનિએ ચક્રવર્તી નામકર્મ બાંધ્યું. સુબાહુમુનિએ પુષ્કળ બાહુબળ મળે એવું શુભકર્મ ઉપાર્જ્યું. સમયાંતરે સહુ કાળધર્મ પામ્યાં પીઠમુન અને મહાપીઠ મુનિ પણ પાંચમા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયાં. ત્યાં શાતાનો અનુભવ કર્યો. આયષ્ય એક દિવસ પૂર્ણ થયું. સૌ દેવલોકમાંથી ચ્યવન પામ્યાં.

વજ્રનાભ મુનિનો આત્મા માતા મરુદેવાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. કાળક્રમે તે આ અવસર્પિણી કાળના પહેલાં તીર્થકંર ઋષભદેવ બન્યાં.

પેલાં બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ મુનિ પણ પ્રભુ ઋષભદેવના સંતાન તરીકે જન્મ પામ્યાં. તેઓ અનુક્રમે ભરત ચક્રવર્તી, બાહુબલી, બ્રાહ્મી અને સુંદરી તરીકે વિખ્યાત થયાં...

***(આધાર ગ્રંથ : ત્રિ.શ.પુ.ચ.૧લું પર્વ)***

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમસ્ત મહાજન દ્વારા જનજાગરણ-સંપર્ક સભા

૧૯ વર્ષ બાદ પુનર્નિર્વિત કરાયેલ જ્ઞાતિ સમસ્ત મહાજન દ્વારા ભારતભરમાં ચાલીશેક સ્થળે ૭૦થી વધુ મહાજનોના સહયોગે જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક સભાઓ સફળતાપુર્વક સંપન્ન થઈ. હાલ એ અભિયાન મુંબઈમાં મુંબઈ મહાજનના સાનિધ્યમાં ચાલુ રહ્યુ છે. ભાંડુપ, માટુંગા (મીડટાઉન) અને નવી મુંબઈ પરિસરની સભાઓ બાદ હવે મુલુન્ડ, કાંજુરમાર્ગ ચેકનાકા અને અન્ય સ્થળે તે તે સંઘો-મંડળોના સહયોગે મુંબઈ મહાજનશ્રી સાથે ગોઠવવા આયોજન છે. જે સંસ્થાને આ પ્રકારે બેઠક યોજવા ભાવના છે તેમણે સમસ્ત મહાજન અને મુંબઈ મહાજનશ્રીને જાણ કરી આયોજન કરવા અપીલ છે. આ સભામાં સમસ્ત મહાજનની રૂપરેખા, ઉદ્દેશ્યો અને પ્રવૃતિ અહેવાલ રજુ કરી જ્ઞાતિજનોને જ્ઞાતિના સમુહપ્રશ્નો અને પ્રગતિ સુચનો રજુ કરવા ખુલ્લી ચર્ચા કરવા મંચ અપાય છે.

### કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએસન

એસોસીએસનની ૨૧ તથા ૨૨મી વાર્ષિકસભા તા.૨૩-૯-૧૨ના મુલુંડમાં મળેલ જેમાં ૨૦ સભ્યો હાજર રહેલ. વાર્ષિક હિસાબો અને અહેવાલની રજુઆત બાદ આગામી ત્રણ વર્ષ માટે નવી મેનેજીંગ કમીટીની નિમણુક થયેલ.

શ્રી કિશોર જી. કાયાણી-પ્રમુખ, શ્રી શરદ એચ. મોમાયા-ઉપપ્રમુખ, શ્રી દીપક જી. ડાઘા-સેક્રેટરી, શ્રી સતીષ લુઠીયા-સહાયક સેક્રેટરી, શ્રી કાંતિલાલ એલ. વિકમશી-ખજાનચી, શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના, શ્રી રાજેશ એસ. લોડાયા, શ્રી હસમુખ એલ. ઘરમશી, શ્રી પરેશ એમ. દંડ, શ્રીમતી કાશ્મીરાબેન લુઠીયા, શ્રી રમેશ હીરજી લોડાયા, શ્રી ચંદ્રકાંત એમ. પટેલ, શ્રી મુલચંદ પદમશી મોતા, શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા અને શ્રી. સુનીલ પી. લાલકા નીમાયા.

સામાજિક સુરક્ષા યોજનામાં ૫૩ વર્ષ સુધીના જ્ઞાતિજનો રૂા.૨,૦૦૦ રીફંડેબલ ડીપોઝીટ તથા રૂા.૨૦૦ સભ્ય ફી ભરી જોડાઈ શકે છે. ૫૫ વર્ષ પહેલા સભ્યનું અવસાન થાય તો તેના નિયુક્ત વારસદારને રૂા.૬૦,૦૦૦ નું લાભાંશ મળે છે તેમજ જો આકસ્માતથી અવસાન થાય તો વધારાનું રૂા.૭૫૦૦૦નું લાભાંશ મળે છે. અરજી ફોર્મ તથા વધુ માહિતી માટે મેનેજીંગ કમીટીના સભ્યો અને સામાજિક કાર્યકરોનો સંપર્ક સાધી શકાશે. સંસ્થાનું વહીવટી કાર્યાલય હાલ ૩ વર્ષ માટે મુંબઈમાં રહેશે.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ

મંચ દ્વારા તા.૧૬-૯-૧૨ના ચૈત્યપરીપાટી તથા પીકનીકમાં વરાડીયાવાસીઓ તથા નિયાણી બેનોના પરિવાર સહિત ૯૪ જણાં જોડાયા હતા. મુલુંડથી બે બસ દ્વારા જોગેશ્વરીમાં શ્રી મલ્લીનાથ જિનાલયે દર્શન, પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને વંદન કરી વ્યાખ્યાન વાણીનો લાભ લીધેલ. ત્યાંથી વસઈ સ્થિત રોયલ ગાર્ડન રીસોર્ટ વોટરપાર્કમાં પીકનીક માણેલ. શ્રી રતીલાલ શામજી મોમાયા (વરાડીયા) બેંક ઓફ બરોડામાં આસી. જનરલ મેનેજર પદે કાર્યરત છે તેમનું મંચ તરફથી સન્માન કરવામાં આવેલ.

### હૈદરાબાદમાં શ્રી કલ્પેશ મોતાનું બહુમાન

સામાજિક કાર્યકર શ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપર-ઘાટકોપર) સપરિવાર ચૈત્યદર્શનાર્થે હૈદરાબાદ પધારતાં અચલગચ્છ સંઘ અને વિવિધ સંસ્થાઓ તરફથી સ્વાગત કરાયું. કાર્યકર શ્રી પ્રવીણ કારાણીએ કલ્પેશભાઈની જીવદયા, ધાર્મિક, સામાજિક, પ્રવૃતિઓ વિષે પરિચય આપી તેમની સમાજભાવના વિષે પ્રશંસા કરી બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને ભાવિકો હાજર રહ્યા હતા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

## વર્ધમાન નગરે ગુરૂ પર્વોત્સવની ઉજવણી

વર્ધમાન નગર (ભુજ) મધ્યે ગુરૂ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના જન્મ શતાબ્દિ વર્ષ તથા તપસ્વીરત્ન પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૮૧મા જન્મવર્ષમાં પ્રવેશ પ્રસંગે તા.૨૮-૯ થી ૩૦-૯ સુધી ભુજ અચલગચ્છ જૈન સંઘ, વર્ધમાનનગર જૈન સંઘ તથા ચાર્તુમાસ સમિતિ દ્વારા વર્ધમાનનગરમાં ગુરૂપર્વોત્સવની ઉજવણી થઈ.

ચાર્તુમાસ સમિતિ અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ સ્વાગત પ્રવચન કરી આવકાર આપેલ. આ પ્રસંગે ધાર્મિક કાર્યક્રમો યોજાયા.

કલેક્ટર શ્રી એ.જે. શાહે દિપપ્રાગટ્ય કરી મહોત્સવને ખુલ્લો મુક્યો હતો. સંતોની કૃપાએ જીલ્લામાં શ્રીકાર વરસાદ થતાં આનંદ છવાયો.

તેમણે પૂજ્યશ્રીના જન્મદિને શુભેચ્છા વંદના આપી આશિર્વાદ લીધા.

સૌ વર્ધમાનનગર પ્રવેશદ્વારોનાં ખાતમુર્હૂત માટે પહોંચ્યા જ્યાં પૂ. ગુરૂભગવંતશ્રીઓએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. વિધિકાર શ્રી ચન્દ્રકાન્તભાઈ દેઢીયાએ ધાર્મિક મંત્રોચ્ચાર કરાવ્યા હતા. શાસ્ત્રોક્ત વિધિ તુષારભાઈ ભટ્ટે કરાવી હતી. એક પ્રવેશદ્વારનાં દાતા તરીકે અનશનવ્રતધારી માતુશ્રી મણીબેન પ્રેમજી ભેદા નામ જાહેર કરાતાં ઉપસ્થિત સર્વે ભાવિકોએ જાહેરાતને વધાવી લીધી.

તા.૨૯-૯ સવારે ૯ કલાકે ગુરૂ ગુણ શતાબ્દિ મહોત્સવ, ગુરૂ ગુણોદય જન્મોત્સવ, ધર્મસભા, અંકુરભાઈ પાટણવાલા, ચન્દ્રકાન્ત દેઢીયા અને ઉત્તમ છેડા ગુરૂભક્તિની રમઝટ બોલાવી. બપોરે ૩ વાગે જિનભક્તિ અનુષ્ઠાન, સાંજે ૬.૩૦ કલાકે વિમલનાથ પ્રભુજીની ૫૦૦ ઝગમતા દીવડાની સંગીત સાથે મહા આરતી. રાત્રે ભાવનામાં શ્રી લાલ રાંભીયા તથા રાજેશ પઢારીયાએ રમઝટ જમાવી.

તા.૩૦-૯ સવારે ૮ કલાકે વર્ધમાનનગરથી માધાપર સમુહ ચૈત્યપરિપાટી યોજાઈ. માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા પરિવાર નિર્મિત જૈનમ્ પ્રવેશદ્વારનું માધાપરમાં ઉદ્‌ઘાટન થયું.

બપોરે ૧૨.૩૯ કલાકે શ્રીમતી લીલમબેન દેવજી પાલાણી પરિવાર દ્વારા શ્રી ભક્તામર મહાપૂજન, તથા રાત્રે ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. બપોરની સાધર્મિક ભક્તિ માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા પરિવારે તથા સાંજે શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી પરિવારે લાભ લીધેલ.

આ અવસરે મુંબઈ, દેશાવર અને કચ્છભરમાંથી ગુરૂભક્તો પધારેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નાશિક



યુવા અગ્રણી શ્રી રાજેશ પોલડીયા (ગોએરસમા-નાશિક) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નાશિકના પ્રમુખપદે વર્ષ ૨૦૧૨-૧૫ના કાર્યકાળ માટે સર્વાનુમતે ચુંટાયા છે.

અત્રે મહાજનશ્રીના સહયોગે સમસ્ત મહાજનના ઉપક્રમે જ્ઞાતિજનોનો જનજાગરણ સંપર્ક મેળાવડો તા.૨૩-૯-૧૨ના સફળ રીતે ગોઠવાયો. ત્યારબાદ મહાજનશ્રીની સભામાં મહાજનશ્રીની આગામી કાર્યકાળ માટેની નવી કારોબારી સર્વાનુમતે નીચે મુજબ ચુંટાઈ છે.

પ્રમુખ : શ્રી રાજેશ દામજી પોલડીયા, ઉપપ્રમુખ - ટોકરશી જે. લોડાયા, માનદમંત્રી-વિપુલ શાહ, કોષાધ્યક્ષ-વિપુલ લોડાયા, કારોબારી સભ્યો સર્વશ્રી રાજેશ લાલકા, દીપક લોડાયા, વિશાલ શાહ, મનીષ લોડાયા અને મહેન્દ્ર મોમાયા. નવી કારોબારીને હાર્દિક અભિનંદન.

મહાજનનો સંપર્ક : ફોન 09822523237 Email : kdonashikmahajan@gmail.com અત્રે જ્ઞાતિના ચાલીસેક ઘર છે. નજીકમાં દેવલાલી-ઇગતપુરીના જ્ઞાતિજનોને પણ મહાજનનાં દરેક કાર્યક્રમમાં સંમ્મિલિત કરાય છે. ૮મા વસતીપત્રક ફોર્મ વિતરણ અને ભરાઈને પરત લેવાનું કાર્ય ચાલુ છે.

## શ્રી નવીન હીરજી દંડ

વેરાવળમાં જ્ઞાતિના ચાર ઘર છે. શ્રી નવિન હીરજી દંડ (લાલા) વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓપ.બેંકમાં ચેરમેનપદે બીનહરીફ ચુંટાયા છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

શ્રી શામજી નરશી દંડ (સાંઘવ-મુલુન્ડ)ની શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપપ્રમુખપદે વરણી થયા બદલ હાર્દિક અભિનંદન...

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## "હાલાર દર્શન" ફોન-સરનામા બુક

જ્ઞાતિના હાલાર પ્રાંતની પરિવારોના હાલ વસવાટના ગામ પ્રમાણે મૂળ ગામ, નામ, સરનામા અને ફોન નંબરનું માહિતીસભર પુસ્તક મળ્યું. સાભાર-સ્વીકાર. શ્રી કિશોર ગોવિંદજી લાપસીયા (દલતુંગી-મુલુન્ડ) દ્વારા અનુમોદનીય-પ્રશંસનીય જહેમતથી સંકલિત કરાયેલ બુક સૌને ઉપયોગી નીવડશે. શ્રી કિશોરભાઈએ આ અગાઉ પણ આ રીતે સુંદર સંકલન-સંયોજન કરી વખતોવખત સરનામા-ફોનબુક તૈયાર કરી છે. એકલપંડે જાતે મહેનત કરી એક ભગીરથ કાર્યને સફળ બનાવ્યું છે. મૂળ વતનના ગામ પ્રમાણે હાલારવાસીઓના નામ-સરનામા-ફોન નં. સંકલન હાલ વસવાટના ગામ-રાજ્ય પ્રમાણે છાંટણી કરાયું છે. વધુમાં આ બુક સી.ડી. સ્વરૂપે પણ ઉપલબ્ધ કરાશે. જેમાં દરેકના ઈમેઈલ પણ સંકલિત કરાશે. આ બુકના સુધારા વધારા માટે તેમનો સંપર્ક કરવા વિનંતી છે.

વિશેષમાં આ બુકમાં જ્ઞાતિની હાલાર વિભાગની બહેનો/દિકરીઓની યાદી અલગથી તૈયાર કરાઈ છે જે સામાજિક પ્રસંગે દરેક ગામવાસીઓને ઉપયોગી બની રહેશે. આ બુક સંસ્થાઓને પણ ઉપયોગી થશે. મનોરમ્ય આકર્ષક મુખપૃષ્ઠ, સુંદર-સુઘડ છપાઈ, ચાર કલર પ્રિન્ટીંગ, વડીલોને સમર્પણ અને ચોક્કસ જહેમત, પ્રુફરીડીંગ, પરફેક્ટ બાઈન્ડીંગ વગેરે થકી પુરું કાર્ય શોભી ઉઠયું છે. આ બુકનું વિમોચન માતુશ્રી નવલબેન માણીલાલ દંડ (ભરૂડીયા-મુલુન્ડ)ના સુપુત્ર સામાજિક કાર્યકર શ્રી અશોકભાઈ દંડના હસ્તે તા.૨૯-૭-૧૨ના વિમોચન કરાયું. જ્ઞાતિજનોને ઉત્સાહ-ઉમંગે જા.ખ. સૌજન્ય આપી કાર્યને વધાવી લીધેલ છે. આ સુંદર સામાજિક કાર્ય બદલ હાર્દિક અભિનંદન.

પ્રાપ્તિસ્થાન સંપર્ક : કિશોર લાપસીયા-09821302627/022-25917791/09223439222

## શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ

પૂ.આ.શ્રી ગુણસાગરસુરીજીના જન્મ શતાબ્દિ વર્ષે તેમના દ્વારા પ્રેરીત-સ્થાપિત વિદ્યાપીઠના સર્વે ભુતપુર્વ વિદ્યાર્થીઓની સંપર્ક માહિતી એકત્ર કરાઈ રહી છે તો જ્ઞાતિના જે પણ છાત્રોએ વિદ્યાપીઠમાં ભણી અભ્યાસ કરેલ છે. તેમના નામ-સરનામા ફોન વગેરે માહિતી પત્ર લખી જણાંવવા વિનંતી છે. સંપર્ક : શ્રી કુમાર બાબુભાઈ દંડ-૯૩૨૨૬૮૦૦૮

પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીની પ્રેરણા માર્ગદર્શને અચલગચ્છનાં બહુમુલ્ય જ્ઞાનવર્ધક પુસ્તક સાહિત્ય જ્ઞાનભંડાર, લાયબ્રેરી માટે ભેટ મળશે તો ઈચ્છુક મહાજન, સંસ્થાએ પોતાના પ્રતિનિધિ સાથે અરજી મોકલી મંગાવી લેવા અનુરોધ છે.

સંપર્ક : પૂ.આ.કલાપ્રભસાગરસુરીજી, જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ, ૨૯ હરદેવી સોસાયટી ગેટ નં.૩, સ્ટેશન રોડ, જોગેશ્વરી (ઈ), મુંબઈ-૪૦૦૦૬૦ પેઢી ફોન સંપર્ક : 9870067749/9004870381

## સખીવૃંદ-પુના

સપ્ટેમ્બરમાં વૃંદની મીટીંગ કાશ્મીરાબેન લોડાયાને ઘરે યોજાયેલ. ગણેશચતુર્થીના તહેવારને ધ્યાનમાં રાખી એ મુજબ વાતાવરણ સજાવેલ. તેમણે હલ્દી-કુમકુમથી સૌને આવકાર્યા. નવકારમંત્રના પઠનથી શરૂઆત થઈ. ઘરની સજાવટ ગણેશજીને ધ્યાનમાં રાખી કરી હતી. ગણપતિના વિષય આધારીત ગેમ રમાડી, જેનાં વિજેતાઓ નલીનીબેન લાપસીયા, લતાબેન મોમાયા તથા હીનાબેન શાહ થયા.

ત્યારબાદ કોમ્પ્યુટરની મદદથી ટી.વી. સ્ક્રીન પર "કૌન બનેગા ગણપતિકા ભક્ત"ની ક્વીઝ રમાડેલ. જેથી ગણપતિ વિશે દરેકને ઘણીબધી જાણકારી મળી. ક્વીઝમાં ભાગ લેનારા દરેકને પ્રસાદ આપેલ. દરેકે યજમાન દ્વારા બનાવેલ મોદકનો સ્વાદ માણ્યો. વિજેતાઓને તેમના તરફથી ઇનામ અપાયેલ. અંતમાં ગણપતિ આરતીનો લાભ દરેક બહેનોએ લીધેલ. બધાને પાન સોપારી અપાઈ.

આરંભથી અંત સુધી ગણપતિ ભાવનાનો માહોલ રહ્યો. કાશ્મીરાબેનના ખંત અને મહેનતથી આ મીટીંગ સફળતાપૂર્વક પાર પડી.

આ વખતે Beauty Pageantમાં "Mrs. Perfect" ખિતાબ માટે સર્વાનુમતે હીનાબેન રતાણી ઘોષિત થયા. અંતમાં પુષ્પા લોડાયાએ આભાર માન્યો.

## રાયપુરમાં અનુમોદનીય જીવદયા કાર્ય

રાયપુરના પશુ ચિકિત્સાલયમાં ગાયોના ઑપરેશન કાર્ય ડૉ. સંજય જૈન, ડૉ. કિરણ ચૌધરી કરી રહ્યા છે. ગાયો ચરતી વખતે ખાવાની ચીજો સાથે પ્લાસ્ટીક કોથળીઓ પણ ખાઈ જાય છે. તેથી તેઓ તકલીફમાં આવી જાય છે. અને તે એમની જાનનું જોખમ પણ બને છે. સામાજીક સહયોગથી એવી ગાયોનું સફળ ઓપરેશન કરી સારું કરવામાં આવે છે. એક ગાયના ઓપરેશનમાં લગભગ ૩૫ થી ૪૦ કિલો પ્લાસ્ટીક થેલીઓ અને અન્ય વેસ્ટ સામગ્રી નિકળે છે. એક ગાયના ઓપરેશનનું ખર્ચ લગભગ ૪૧૦૦ રૂ. આવે છે. શ્રી છતીસગઢ કચ્છી જૈન સંઘ-રાયપુર દ્વારા સંવત્સરી પાંચમના ડૉ. સંજય જૈન, ડૉ. કિરણ ચૌધરી તથા એ અભિયાનના સૂત્રધાર શ્રી લોકેશ કાવડીયાને આમંત્રીને એમનું શૉલ, શ્રીફળ માળા દ્વારા બહુમાન કરવામાં આવેલ. ડૉ. સંજય જૈને પોતાના

ઉદ્‌બોધનમાં વિસ્તૃત જાણકારી આપેલ તથા કહ્યું કે આ પહેલો સમાજ છે જેણે બુહમાન કર્યું. લગભગ હાલમાં ૪૦થી ૫૦ ગાયોનું ઓપરેશન કરી ચુક્યા છીએ. શ્રી સંઘ દ્વારા ૫ ગાયોનાં ઓપરેશનનું ખર્ચ કરવા નિર્ણય લેવાયેલ છે. જેને બધાએ તાળીઓથી વધાવી લીધેલ. જીવદયા માટે અન્ય સંસ્થાઓને પણ રકમ આપવામાં આવે છે. કાર્યક્રમ સંચાલન ચંદ્રેશ વી. છેડાએ કરેલ. આભાર શ્રી ઉત્તમચંદ મૈશેરીએ કરેલ.

## સંગીતકાર શ્રી પ્રફુલ શીવજી લોડાયા (કોચીન)

શ્રી પ્રફુલભાઈ લોડાયા (કોચીન) એ પૂ.આ.શ્રી રાજેશ્વરીજી મ.સા. પાસેથી ધાર્મિક પુજન-અનુષ્ઠાનની પ્રેરણા-માર્ગદર્શન મેળવેલ છે. તેઓ દરેક ઠેકાણે સંઘોમાં ધાર્મિક પ્રસંગે પુજન-અનુષ્ઠાન વિધાન, ભક્તિભાવના, વગેરે કરાવે છે. હાલ પર્યુષણમાં પારોલા તીર્થે ભક્તિભાવના, સ્નાત્ર પુજા, સ્વપ્નદર્શન, સાંજી અને વિવિધ ચડાવા બોલીમાં ગીત-સંગીત પીરસીને સંઘની દેવદ્રવ્યવૃધ્ધિ કરાવેલ અને કાર્યક્રમની શોભા વધારેલ. પારોલા સંઘ તેમના યોગદાન બદલ આભાર વ્યક્ત કરી અનુમોદના કરેલ. તેઓ પોતે કલાકાર છે અને સાથી મંડળી સાથે મળી સુંદર ગીત-સંગીતમય કાર્યક્રમ આપે છે. સંપર્ક : ૦૯૮૯૦૫૮૮૪૪૮

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ

એકમની કાર્યકારીણીની સાંગલીની બેઠકમાં ધુલીયાના કાર્યકરોની વિનંતીને માન આપી તા.૮ અને તા.૯-૦૯-૧૨ના એકમની વાર્ષિક સામાન્યસભા તથા એકમ મહિલામંચનો કાર્યક્રમ ધુલીયામાં શ્રી કિષ્નાઈ વાટીકા ગાર્ડનમાં ધુલીયા મહાજનના સાથ સહકાર અને સહયોગથી સુંદર રીતે સંપન્ન થયેલ.

તા.૮-૯-૧૨ના સવારે ૧૦ વાગે અખિલ મહારાષ્ટ્ર એકમ મહિલામંચના કાર્યક્રમના પ્રથમ સત્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. મંચ ઉપર એકમના પ્રમુખ શ્રી તિલોકચંદ નરશી દંડ, એકમ મહિલામંચ પ્રમુખ હિરબાઈ ગોવિંદજી લોડાયા, મુખ્ય અતિથી વિશેષ ડૉ. ગીતાબેન જૈન (મુંબઈ), ધુલીયા મહાજન પ્રમુખ શ્રી વસંત ઠાકરશી ગોસર, અતિથીવિશેષ માતુશ્રી જયાબાઈ ઠાકરશી ગોસર (ધુલીયા) સાથે મહિલામંચની વરિષ્ઠ સમિતિના સભ્યો સૌ. ભારતીબેન તિલોકચંદ દંડ, સૌ. ખમાબેન ઉત્તમચંદ ખોના અને સૌ. કાંતાબેન ચંદ્રકાંત લોડાયા તથા પદાધીકારીઓ મંચ ઉપર બિરાજમાન હતા.

મંચસ્થ મહાનુભાવોના હસ્તે દિપ પ્રજ્વલન કરી પ્રભુજીની, મહાકાલી માતાજી, પૂ. જિનેન્દ્રસાગરસુરી, શેઠશ્રી નરશી નાથા, એકમ મહિલામંચના પ્રેરક શેઠ શ્રી નરશી જેઠાભાઈ દંડની છબીઓને હારારોપણ કરાયેલ.

નવકારમંત્ર પઠન અને સામુહીક ક્ષમાપના ધુલિયા અચલગચ્છ મહિલા મંડળની બહેનોએ રજુ કરેલ. તે બાદ મુક બધીર વિદ્યાલય (ધુલીયા)ની બાલીકાઓએ સ્વાગત ગીત સાથે નૃત્ય પ્રસ્તુત કરી સૌનું સ્વાત કરેલ.

અતિથીવિશેષ ડૉ. ગીતાબેન જૈનનો પરિચય સૌ. પ્રિતીબેન મોમાયાએ આપેલ. મહિલામંચના પ્રમુખશ્રીના હસ્તે એકમ વતી તેમનું બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ એકમ પ્રમુખશ્રી તીલોકચંદ નરશી દંડ, મહાજન પ્રમુખશ્રી વસંત ગોસર તથા માતુશ્રી જયાબેન ઠાકરશી ગોસરનું બહુમાન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન મહિલામંચના માનદમંત્રી સૌ. પ્રતીભાબેન દંડ (મલકાપુર) એ સંભાળેલ. તેમણે મહિલામંચની પ્રસ્તાવના સાથે વાર્ષિક પ્રવૃત્તિ અહેવાલ રજુ કરેલ. "પાણી બચાવ-બેટી બચાવ" વિષયે ચર્ચાસત્રમાં જલગામ-મલકાપૂર-જાલના-ચાલીસગામ-નાગપૂર-પાચોરા-ધુલીયાના મહિલામંચોના સભ્યોએ માર્મીક મંતવ્યો સુંદર શૈલીમાં રજુ કરેલ. મહારાષ્ટ્ર એકમ મહિલામંચના વરીષ્ઠ સમિતિના સભ્ય સૌ. ભારતીબેન દંડ (મલકાપુર) એ ચર્ચાસત્રનું સમાપન કરતા. જ્ઞાતિની દિકરીઓ જે પરનાતમાં પરણે છે તે અટકાવવા સૌના પ્રયત્નોની ખૂબજ જરૂર છે. એમ જણાવી પ્રેરક ઉદ્‌બોધન કરેલ.

યોગતજ્ઞ ડૉ. ગીતાબેન જૈને મહિલાઓને માર્ગદર્શનરૂપ વિચારો રજુ કરેલ. બાદ શ્રીમતી હિરાવંતી લોડાયાએ મંચોની સક્રિયતાનું માર્ગદર્શન કરી. ગામેગામથી સારી સંખ્યામાં મહિલાઓની ઉપસ્થિતીને આવકારી, આભાર વ્યક્ત કરેલ. આ બેઠકનાં સંપુર્ણ આયોજન વ્યવસ્થા માટે ધુલીયા મહાજનનો આભાર વ્યક્ત કરાયેલ.

બપોરના સત્રમાં ડો. સિમિત વિનોદ લોડાયા (ઔરંગાબાદ) દ્વારા દંત ચિકિત્સા વિષે સ્લાઇડ શો દ્વારા દાંત સંભાળ અને તેની કાળજી માટે માર્ગદર્શન અપાયેલ. તેમણે દાંત સંભાળ અંગે સરળ સમજ આપી ઉપયોગી માહિતી આપેલ. સૌ. પ્રતિભા દંડે ડૉ. સીમીત લોડાયાનો આભાર માનેલ.

બપોરના યોગતજ્ઞ ડૉ. ગીતાબહેન જૈન (મુંબઈ) એ "સ્વયં સ્વસ્થ બનો અભિયાન" ઉપર સરળ શૈલીમાં યોગ વિષયે માર્ગદર્શન કરેલ. ધુલીયામાં નવયુક મંડળના ઉપક્રમે ૧૦ દિવસીય યોગ શિબીર યોજાયેલ તેમાં યોગ ઉપર ડેમો બનાવી યોગ શીખવાડેલ.

મહિલામંચની જનરલ સભા મળેલ જેમાં વિવિધ

મંચોના વાર્ષિક પ્રવૃતિ અહેવાલ રજુ થયેલ. નવા સુચનો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવેલ. મહિલા ગૃહઉદ્યોગને વિકસાવવા અને ફંડસ કરવા ચર્ચા વિચારણા થઈ

વિવિધ મહિલામંચ તરફથી સાંસ્કૃતીક કાર્યક્રમો રજુ થયા. જેમાં દિપ નૃત્ય (ધુલીયા મંચ), ગરબારાસ (મલકાપુર મંચ), ચંદનબાળા નાટીકા (જાલના મંચ) અને સાસુ-વહુ નાટીકા રજુ થયેલ. અંતે દાંડીયારાસની રમઝટ જામી.

તા.૯-૯-૧૨ સવારે ક્ષમાપના કાર્ડ હરીફાઈમાં વિવિધ મહિલામંચના સભ્યોએ ભાગ લીધેલ. ૮.૩૦ વાગે ત્રિશલામાતાને ૧૪ સ્વપ્નની સજાવટ હરીફાઈ પ્રદર્શનનું ઉદ્દઘાટન એકમ પ્રમુખશ્રી તિલોકચંદ નરશી દંડના હસ્તે કરવામાં આવેલ. કુલ ૭૨ સભ્યોએ આ હરીફાઈમાં ભાગ લીધેલ. બહેનોએ કાળજી લઈ સુંદર કલાત્મક લગનથી સજાવટ કરેલ. જેની અનુમોદના કરવામાં આવેલ.

સવારના અમદાવાદથી પધારેલ શ્રી નવદીપભાઈ શાહનું જનરેશન ગેપ વિષયે અભ્યાસ સત્ર સૌને ઉપયોગી રહ્યું. એમનુ આભાર-અનમોદના સાથે બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ મહિલામંચના સમાપન કાર્યક્રમાં સૌ. પ્રતિભાબેન દંડે પધારેલ સર્વે સભ્યો આમંત્રીતો, અતીથીઓ તેમજ કાર્યક્રમ સફળતામા સહયોગી સૌનો આભાર માનેલ.

એકમની વાર્ષિક સામાન્ય સભામાં સૌ પ્રથમ નાના બાળકોએ નૃત્ય સાથે નવકારમંત્ર રજુ કરેલ. ત્યારબાદ શ્રીજી ઇંગ્લીશ સ્કૂલના બાળકોએ માઁ ઉપર સુંદર નૃત્ય કરી સૌને મંત્રમુગ્ધ કરેલ.

મહારાષ્ટ્ર એકમની જનરલ સભા એકમના પ્રમુખશ્રી તીલોકચંદભાઈ દંડના પ્રમુખપદે ચાલુ થઈ અતિથીવિશેષ તરીકે પશ્ચિમ એકમના પ્રમુખ તથા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ મોમાયા પધારેલ. પ્રથમ ઉપપ્રમુખ શ્રી ઉત્તમચંદભાઈ ખોના (સાંગલી) દ્વિતીય ઉપપ્રમુખશ્રી પ્રવિણ ગોવિંદજી લોડાયા (જલગામ) એકમ મહિલા મંચના પ્રમુખ શ્રીમતી હિરાવંતી લોડાયા (ખામગામ) અને ધુલીયા મહાજનના પ્રમુખ શ્રી વંસતભાઈ ઠાકરશી ગોસર મંચ ઉપર બીરાજેલ. એ મહાનુભાવોના હસ્તે દિપ પ્રજવ્લન કરી ફોટાઓને હારારોપણ કરાયેલ. સ્વાગીત અચલગચ્છ મહિલા મંડળ-ધુલીયાએ રજુ કરેલ. સભાના પ્રારંભે સદ્દગત જ્ઞાતિજનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ.

અતિથીવિશેષ શ્રી મહેન્દ્રભાઈ મોમાયાના પરિચય આપી માનદમંત્રી શ્રી ગોવિંદજી નેણશી સોનીના હસ્તે બહુમાન કરવામાં આવેલ. ધુલીયા મહાજન પ્રમુખ શ્રી વંસતભાઈ ઠાકરશી ગોસરનું બહુમાન એકમના પ્રમુખ શ્રી તીલોકચંદ નરશી દંડના હસ્તે કરાયું. માતુશ્રી હિરાવંતી ગોવિંદજી લોડાયાનું બહુમાન ધુલીયા મંચના પ્રમુખ સૌ. કલ્પના મયુર ધરમશીના હસ્તે કરવામાં આવેલ. સૌ. ચંદાબેન મહેન્દ્ર મોમાયા (રાજકોટ)નું બહુમાન માતુશ્રી જયાબેન ઠાકરશી ગોસેર કરેલ.

ત્યારબાદ એજન્ડા મુજબ એકમની પ્રવૃતિઓનો અહેવાલ માનદમંત્રી શ્રી દિપક પોલડીયાએ રજુ કરેલ. તા.૩૧-૩-૧૨ સુધીના ઑડીટ થયેલ હિસાબો રજુ કરાયા. વર્ષ ૨૦૧૨-૧૩નું અંદાજપત્રક ખજાનચી શ્રી ઉત્તમચંદ દેવશી દંડે રજુ કરી સમજ આપેલ. એ ઓટીડ રીપોટ તથા અંદાજપત્રકને સર્વાનુમતે બહાલી અપાઈ. એકમના ઓડીટર શ્રી બનવર એન્ડ કંપની (જલગામ) નિસ્વાર્થ સેવાભાવે કરી માર્ગદર્શન આપેલ છે. તે બદલ આભાર-અનુમોદના કરી તેમની પુનઃનિમણુંક કરાઈ. વ્યક્તી વિશેષમા મહારાષ્ટ્ર એકમના કારોબારી સભ્ય શ્રી દિલીપ ધનજી નાગડા (કરાડ)ની શ્રી સંભવનાથ પતસંસ્થાન પતપેઢી (બેન્ક)માં ચેરમેનપદે નિયુક્તી થતાં તેમનું એકમ વતી બહુમાન કરવામાં આવેલ.

સભામાં એકમના ઉત્કર્ષલક્ષી અભિપ્રાયો રજુ થયા જેમાં શ્રી દેવજી લખમશી પોલડીયા (ચાલીસગામ), શ્રી લક્ષ્મીચંદ ભવાનજી લાપસીયા (જલગામ), સૌ. પુનમબેન પ્રફુલ મોમાયા (નાગપુર), શ્રી વિનોદ સોની (ધુલીયા), સૌ. લતા જયંત દંડ (ધુલીયા) એ પોતાના વિચારો રાખ્યા. ત્યારબાદ શૈક્ષણીક ક્ષેત્રે સફળ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઇનામ વિતરણ શ્રી મહેન્દ્રભાઈ મોમાયા વરદ હસ્તે થયું. વિદ્યાર્થીઓને પ્રોત્સાન અપાયેલ.

શ્રી મહેન્દ્રભાઈ મોમાયાએ પોતાના ઉદ્દબોધનમાં એકમની સંપ-સહકારથી ટીમ ભાવના અને વિવિધ પ્રવૃતિઓ અને મહિલા મંચના કાર્યને બિરદાવેલ અને એકમના માન, સરભરા બદલ આભાર માનેલ.

અંતમાં એકમના પ્રમુખ શ્રી તિલોકચંદભાઈએ એકમના વિકાસ માટે માર્ગદર્શન કરેલ. મહિલામંચ તરફથી લઘુઉદ્યોગ વિષયે જે પ્રયત્ન થશે તેને એકમ પુરેપુરો સાથ સહકાર્ય આપશે. આગામી વાર્ષિકસભા, મહિલામંચ કાર્યક્રમ જલગામને આંગણે રાખવા વિનંતી થયેલ. જેને કારોબારી મંજુર કરશે તો જરુરથી લાભ લઈશું. મંચપરથી રજુ થયેલ સુચનોને વધાવીને યથાયોગ્ય કરવા આશ્વાસન આપેલ. સભામાં ચાલીસગામ, જલગામ, જાલના, ઔરંગાબાદ, અમરાવતી, નાંદેડ, સાંગલી, પૂના, કરાડ, અમલનેર, પારોલા, દોંડાઈચા, પલાસનેર, નવાપૂર, નંદૂરબાર, માલેગામ, નાસીક, મલકાપૂર, નાગપૂર, ખામગામ, નગર, પાચોરા, ચોપડા, ફૈજપુર, ભુસાવલ શિરપૂર મળીને ૩૫૦

સભ્યો પધારેલ તેમની દરેકનો આવકાર રહેવાની-જમવાની અને કાર્યક્રમની વ્યવસ્થા અને સુંદર મહેમાનગીરી કરવા બદલ, ધુલીયા મહાજનશ્રી સંચાલીત અચલગચ્છ મહિલા મંડળના પ્રમુખ શ્રી સૌ. રંજનાબેન સોની, ધુલીયા મહિલા મંચના પ્રમુખ શ્રી કલ્પના ધરમશી અને ધુલીયા નવયુવક મંડળના પ્રમુખ શ્રી ભૂમીલ ગાલા તેમજ શ્રી ધુલીયા મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ ગોસરનું અભિવાદન કરી સૌનું બહુમાન કરવામાં આવેલ. બે દિવસના કાર્યક્રમમાં એકમના આમંત્રણને માન આપી શ્રી મહેન્દ્રભાઈ મોમાયા, ડૉ. ગીતાબેન જૈન, ડો. સિમીત લોડાયા, શ્રી નવદીપ શાહે પોતાના સમય ફાળવી અત્રે પધાર્યા, સૌને માર્ગદર્શન કરેલ તેમનો આભાર વ્યક્ત કરેલ.

છેલ્લા કેટલાયે વર્ષથી એકમના વાર્ષિક સભા સ્નેહમિલન, યુવા સંમેલન મહિલામંચ કાર્યક્રમ આદિ મલકાપુરનાં આંગણે શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવારના ઉદાર સહયોગે અને ત્યાંની કાર્યકર ટીમના ઉત્તમ સહયોગે શાનદાર સરભરામાં યોજાતા રહ્યા જેની કદરદાન-ઋણ સ્વીકાર ભાવે નોંધ લઈ અનમોદના કરાઈ.

અન્ય મહાજન-સંઘોની આગ્રહભરી વિનંતીને માન આપી પ્રમુખ શ્રી તિલોકચંદભાઈનાં નેતૃત્વમાં અન્ય સંઘને લાભ આપવાની ભાવના સાથે અન્યત્ર પણ કાર્યક્રમ ગોઠવવા એકમ હંમેશા પ્રયત્નશીલ છે. એકમના વિકાસમાટે જ્ઞાતિદાઝની ઉતમ ભાવનાથી ગામેગામથી બહોળી સંખ્યામાં એકમ પરિવારના સભ્યો એકત્ર મળ્યા. તેનો આનંદ અને આભારની લાગણીથી કાર્યક્રમ પુર્ણ થયેલ. પધારેલ સૌનો આભાર માની સૌના સથવારે એકમને આગળ વધારવાની ભાવના સાથે શ્રી શીતલનાથદાદાના જયકાર સાથે બે દિવસીય એકમ ઉત્સવનું સમાપન થયેલ.

## હુબલીમાં ઉગ્ર તપસ્યા

શ્રી ધ્વનીલ પ્રફુલ છેડાએ ચાતુર્માસ બિરાજમાન પુ.આ. વિજયજૈનોત્તમસુરીજી આ.ઠા.૨૫ નિશ્રામાં પૂ. મુનિદેવરત્નસાગરજીની પ્રેરણાએ માસક્ષમણ (મૌન) સહ ૬૪ પ્રહરી પૌષધ કરેલ છે. સૌ. પ્રજ્ઞા પ્રફુલ છેડાએ નિગોદ નિર્વાણ તપ શાતાપુર્વક પુર્ણ કરેલ. તપસ્વીઓની ભુરી અનુમોદના.

## શ્રી હરીશ ગોવિંદજી ધરમશી

શ્રી હરીશ ગોવિંદજી ધરમશી કે જેઓ દક્ષિણ ભારતની બધીજ સંસ્થાઓમાં પોતાનું સેવા યોગદાન આપે છે. એવા સમાજસેવી શ્રી હરીશભાઈ આગામી બે વર્ષ માટે કોઈમ્બુત ગુજરાતી સમાજના પ્રમુખપદ માટેની ચુટણીમાં જ્વલંત વિજયી થયા છે.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-કોઈમ્બતુર તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે.

## શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ

વાસુપૂજ્ય જિનાલયે પૂ.સા.ચારૂલતાશ્રીજી મ.સા.આ.ઠા.-૯ની નિશ્રામાં આયોજીત ત્રિ દિવસીય મહોત્સવમાં. તા.૨-૧૦-૧૨ના દેશાવગાસીક સામાયિક, તા.૩-૧૦-૧૨ના ઉપકરણ વંદનાવલી, તા.૪-૧૦-૧૨ના સવારે ૯ વાગે શ્રી પાર્શ્વ ભક્તિ અનુષ્ઠાન શ્રી રાયચંદ રતનશી કાયાણી (સુથરી-મુલુંડ) પરિવાર તરફથી હતું. સકળ સંઘે લાભ લીધેલ.

## શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મહિલા વિભાગ

મંડળના મહિલા વિભાગના કાર્યક્રમના ફેરફાર કરવામાં આવેલ છે. ૨૪મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે યોજાયેલ તંબોલા ગેમ શૉની નાવિન્યતા સાથે ઇનામોની રમઝટ માણવા સર્વેને પધારવા આમંત્રણ છે.

શનિવાર તા.૧૩-૧૦-૧૨ના શનિવારના સાંજે ૪ વાગ્યાથી સ્થળ : કાલિદાસ કેફેટેરીયા, કાલિદાસ સંકુલ, મુલુન્ડ (વે) સંપર્ક : રેણુકાબેન-૯૮૨૧૨૧૧૦૦૨, દીપાબેન-૯૨૨૪૩૪૫૦૦૦

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-ખામગામ/શેગાંવ

પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સુંદર ધર્મઆરાધના થઈ રહી છે. તા.૧૨-૮-૧૨ના પૂજ્યશ્રી દ્વારા ૧૪ નિયમ વિષે સમજાવવામાં આવેલ. ૧૪ નિયમના કાર્ડ સર્વેને શ્રીમતી હીરાબાઈ ગોવિંદજી લોડાયા તરફથી પ્રભાવનારૂપે અપાયેલ. પર્વમાં યોજેલ ગહુંલી સ્પર્ધામાં પ્રથમ સૌ. અમી અક્ષય વીકમશીને ઇનામ મળેલ. મુગટ સજાવવાની સ્પર્ધામાં સૌ. અમી અક્ષય વીકમશી આવ્યા. તા.૮ અને ૯ સપ્ટેમ્બરના મહિલામંચની મીટીંગ ધુલીયામાં થયેલ ત્યાં પણ મંચની ૯ બહેનો દ્વારા ૧૪ સપનાં સજાવીને મોકલવામાં આવેલ. ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ. વર્ષા લોડાયાએ "સાસુ દ્વારા વહુને સમજ" એ નાટક પ્રસ્તુત કરેલ. જેને સારો પ્રતિસાદ મળેલ.

૧૬-૯-૧૨ના ખામગામમાં પુજ્યશ્રી દ્વારા પાઠશાળાના બાળકોનો ફેન્સી ડ્રેસ અને ગરબાનું આયોજન થયેલ. એમાં મહિલામંચ દ્વારા કચ્છી ગજીઓ પ્રસ્તુત થયેલ. જેમાં સૌ. વર્ષા લોડાયા, સૌ. કુંજન લોડાયા, સૌ. તૃપ્તી લોડાયા, સૌ. તેજલ મોતા, સૌ. અશ્વીની વીકમશી અને કુ. અંકીતા લોડાયાએ ભાગ લીધેલ.

૨૩-૯-૧૨ના મહિલામંચની મીટીંગમાં એકમની ધુલીયા મીટીંગનો અહેવાલ અધ્યક્ષા સૌ. વર્ષા લોડાયા

એ આપેલ. તેમજ ભાવિ પ્રવૃતિ વિષે ચર્ચા-વિચારણા થઈ પૂ. ચંદ્રસુધાશ્રીજી મ.સા.એ બહેનોના પ્રશ્નોનું નિરાકરણ તેમજ ચોમાસામાં કાળ-જયણા વિષે સમજ આપેલ. મંચ દ્વારા સુંદર પ્રવૃતિઓ થઈ રહી છે.

### સાંયરા

અત્રે તા.૨-૭-૧૨ના માતુશ્રી કાંતાબાઈ મણીલાલ મૈશેરી પરિવાર (મઝગામ) તરફથી ભાવના ભણાવાઈ એ શાળામાં છાત્રોને પ્રભાવના થઈ. તા.૩-૭-૧૨ના ચિ. પુનિતની ૯૯ યાત્રા નિમિતે તુષાર જીવરાજ પટેલ (ડોંબીવલી) તરફથી સંઘજમણ અને રૂા.૧૦નું સંઘપુજન થયેલ.

અત્રે સારો વરસાદ પડતાં સર્વે તળાવ નદી છલકાયા છે. સરપંચશ્રીની ઉપસ્થિતિમાં ઓગનાયેલ તળાવને શ્રી ભુપતસિંહજીએ વધાવેલ. વિધિવિધાન શ્રી લિતેશ વ્યાસે કરાવેલ અત્રે ૧૫ ઈંચ જેવો વરસાદ થયેલ છે.

માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા પરિવાર હ. જયાબેન શાંતિલાલ દ્વારા આદિપુર-અંતરજાળમાં અચલગચ્છ સોસાયટીમાં વિમલનાથ જિનાલય નિર્માણાર્થે કાર્ય ચાલુ છે. જાન્યુ ૨૦૧૩માં પ્રતિષ્ઠા મહોત્સવ થશે. એ કાર્યની સફળતા માટે ૨૧ દિવસીય એકાસણા અને ૨૧ દિવસીય જાપ અનુષ્ઠા થયેલ. દરેક ભાવિકને રૂા.૨૦નું સંઘપુજન કરાયેલ.

તા.૫-૯- થી ૧૨-૯ માં ૧૧ ઇંચ વરસાદ પડતાં ભલીયારો તળાવ ઓગનાઈ જતાં ગામજનોની સારી ઉપસ્થિતિમાં શ્રી ભગુભા પ્રવિણસિંહ જાડેજાએ શ્રીફળ વધાવીને પુજા કરેલ. શ્રી લક્ષ્મીશંકર ગોરે વિધિ કરાવેલ.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ દ્વારા જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને દર બુધવારના ગરીબોને ભોજન કરાવનાર દાતાઓ અનીલ કુંવરજી નાગડા (વડાલા-નલીયા), એક સદ્‌ગૃહસ્થ, રેવંતીબેન અનીલ નાગડા (વડાલા-નલીયા), ખીમજી લખમશી કાયાણી હસ્તે મૃદુલાબેન ખોના(મુલુન્ડ), એક સદગ્રહસ્થ, કલ્યાણજી શિવજી લોડાયા, શ્રી સૂર્યકાંત મુલજી નાગડા (દાવણગીરી), દમયંતીબેન ચાંપશી લોડાયા, એક સદગૃહસ્થ, યોગેન્દ્ર ભવાનજી ગોસર (જલગામ), જીગર મુકેશ મોમાયા (લોનાવલા-વરાડીયા), પ્રીયવંદાબેન દેવકુંવરબાઈ મેઘજી વેલજી ધરમશીના સ્મરણાર્થે હસ્તે ડો. ઉર્વશી, વિધાતા અને તક્ષશીલા ધરમશી (તારદેવ)

### શ્રી વારાપધર જૈન યુવક મંડળ

મંડળના ઉપક્રમે તા.૧૫-૯-૧૨ના રાત્રે મુંબઈથી ૪૦ જણાં ટ્રેન દ્વારા તા.૧૬-૯-૧૨ના સવારે વિકાસબાદ સ્ટેશને આગમન ત્યાંથી બસ દ્વારા નવગ્રહ દેરાસરે દર્શને ગયા ત્યાં સંઘનું શ્રી અનીલકુમાર મોમાયા પરિવાર અને અન્ય ગામવાસીઓએ ભાવભર્યું સ્વાગત કર્યું. સેવા-પુજા, દર્શન, ચૈત્યવંદનનો લાભ લીધો. આરતીનો લાભ શ્રી દિપકભાઈ લોડાયા (ચાલીસગામ) લીધેલ ત્યાંથી બપોરે જમણનો લાભ આપી હેદ્રાબાદ ચૈતન્યપુરી ગયા. ત્યાં સંઘનું શાનદાર સ્વાગત થયું. ત્યારબાદ હેદ્રાબાદ રહેતા ગામવાસીઓ સાથે સ્નેહમિલન યોજેલ. હેદ્રાબદમાં ભાવપૂર્વક આવકારેલ તથા શ્રી ચેતન મોતા, મંડલના પ્રમુખ શ્રી ભરત વિકમશી તથા શ્રી લાલજી વેલજી લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. મંડળ તરફથી શ્રી રમેશચંદ્ર પ્રેમજી લોડાયા, શ્રી ધનપત લાલજી મોતા, શ્રી મહેન્દ્ર શામજી મોતા, શ્રી ઉતમચંદ નરશી મોમાયા, શ્રી માણેકજી ઘેલાભાઈ લોડાયાનું સન્માન કરવામાં આવેલ. મંડળ તરફથી દરેક ગામવાસીઓને મીઠાઈ બોક્ષની ભેટ આપવામાં આવી જેનો લાભ શ્રી ચેતન મેઘજી મોતાએ લીધેલ. રાત્રીરોકાણ ચૈતન્યપુરી અતિથીગૃહમાં કરેલ.

તા.૧૭-૯-૧૨ના નવકારશી બાદ કુલપાકજી તીર્થે જઈ સેવા-પુજા, દર્શન-વંદનનો લાભ લીધો. ત્યાં મંગલ દિવાનો લાભ શ્રી હિરાચંદ મેઘજી લોડાયાએ લીધેલ તથા સંપૂર્ણ દિવસની સાધર્મીક ભક્તિનો લાભ શ્રી રાજેશ યોગેન્દ્ર ધુલ્લા તથા બપોરની ચા સ્વ. નેણબાઈ ખીમજી મૈશેરી હસ્તે પુષ્પાબેન લીધેલ સાંજે હેદ્રાબાદ પરત આવી NTR ગાર્ડન, લેઝરશૉ, હુસેનસાગર લેક વગેરે સ્થળોની મુલાકાત લઈ ગામવાસીઓ દ્વારા આયોજીત ભોજન સમારંભનો લાભ લઈ, ત્યા રાત્રીરોકામ કરેલ. દરેક યાત્રીકનું દાતાઓના સહયોગે રૂા.૧૦૦/- સંઘપુજન કરેલ.

તા.૧૮-૯-૧૨ના સવારે જિનેશ્વરધામ (કાચીગુડા) દેરાસરે પહોંચતા ત્યાં અચલગચ્છ સંઘે વાજતે ગાજતે સંઘનું સામૈયુ કરેલ. ત્યાં દર્શન-વંદન કરી પુ.સા.શ્રી સમયગુણાશ્રીજી, પુસા.શ્રી શ્રૃતગુણાશ્રીજી મ.સા.ને ગુરૂ વંદના કરી વ્યાખ્યાનવાણીનો લાભ લીધો. અચલગચ્છ સંઘના અગ્રણીઓ તથા શ્રી માણીકાંતભાઈ મોમાયાએ શ્રી લાલજી વેલજી લોડાયા તથા મંડળના ઉપપ્રમુખ શ્રી પ્રફુલ કેશવજી નાગડાનુ બહુમાન કરેલ. નવકારશી તથા બપોરના જમણનો લાભ શ્રી જિનેશ્વરધામ ખાતે લીધેલ. મંડળ તરફથી શ્રી માણીકાંત મોમાયાનું સન્માન કરવામાં આવેલ. સંપુર્ણ દિવસની સાધર્મીક ભક્તિનો લાભ લાલજી

વેલજી લોડાયા, બપોરના જમણનો લાભ પુષ્પાબેન મહેન્દ્ર લાપસીયા તથા બપોરની ચાનો લાભ શ્રી લહેરચંદ નારાણજી લોડાયાએ લીધેલ. ત્યારબાદ હૈદ્રાબાદના સ્નો વર્લ્ડ, ચારમિનાર, સુધાકાર મ્યુઝીયમ વગેરેની મુલાકાત લઈ સાંજે ચૌવિહારનો લાભ લઈ રાત્રે ટ્રેન દ્વારા મુંબઈ પરત ફર્યા.

સંપુર્ણ કાર્યક્રમ માટે અને ત્રણે દિવસની બસ વ્યવસ્થા, ઉતારા તથા જમવાની અતિ સુંદર વ્યવસ્થા માટે શ્રી ધનપત મોતા, શ્રી મહેન્દ્ર મોતા, શ્રી કિર્તીભાઈ મોમાયા તથા અન્ય સર્વ કાર્યકર્તાઓએ અનુમોદનીય સરભરા સાચવી. સંપુર્ણ યાત્રા નકરો રૂા.૧૫૦૦/- વ્યક્તીદીઠ રાખવામાં આવેલ. મંડળના ઉપપ્રમુખ શ્રી પ્રફુલ નાગડા તથા માનદમંત્રી શ્રી વિનય હિરાચંદ લોડાયાની રાહબરીમાં યાત્રાપ્રવાસ ગોઠવાયેલ અને સફળતા માટે મંડળના કાર્યકર્તાઓ જીતેન વીકમશી, નીલેશ મૈશેરી, નીતેશ લોડાયાએ સુંદર સાથ સહકાર આપેલ.

## નલીનપુર નારી નિગમ

તા.૬ થી તા.૯-૯-૧૨ દરમ્યાન પંચતિર્થ યાત્રા કરેલ. રેલ્વે દ્વારા તા.૭-૯-૧૨ના સવારના સાંગલી પહોંચી કચ્છી ભવનમાં તૈયાર થઈ ત્રણ દેરાસરમાં સેવા પુજા કરી ગણપતિ મંદિરમાં દર્શન કર્યા. તા.૭-૯-૧૨ નું બપોરનું જમણ અંજના રમેશ શીયાડ તરફથી હતું. સાંગલી સંઘના પ્રમુખ શ્રી ઉત્તમચંદ ખોનાએ આવકાર આપેલ. સાંગલીથી બસ દ્વારા કુંભોજગીરી રવાના થયા. ત્યાં તલેટીમાં જયમંદિર ઇત્યાદીના દર્શન કર્યા.

બીજે દિવસે પ્રાતઃકાલે કુંભોજગીરીના દર્શન કર્યા. સવારનો નાસ્તો મધુબેન રજનીકાંત મોતા તરફથી હતો. બપોરનું ભોજન કરીને કુંભોજગીરીથી નીકળીને કમળમંદિરના દર્શન કર્યા તે પછી કન્દરી મઠ અને ત્યાંના મ્યુજીયમની મુલાકાત લીધી. વૈજ્ઞાનિકોના જીવન દર્શનનું સુંદર પ્રદર્શન હતું. કૈલાશ મંદિરના દર્શન કરી શ્રી નરેન્દ્રભાઈ લોડાયાની શર્ટ ફેક્ટરીની મુલાકાત લીધી હતી. Export વેરાયટીના શર્ટની મેમ્બરોએ ખરીદી કરી, ત્યાં શ્રી નરેન્દ્રભાઈએ અલ્પાહારની વ્યવસ્થા કરેલ. ત્યાંથી રવાના થઈ પન્હાળામાં હીલટોપ હોટલમાં બુફે જમણ લઈ ધર્મશાળામાં આરામ કર્યો. પન્હાળામાં મહાવીરસ્વામીની સેવાપૂજા કરી પન્હાળા હીલ સ્ટેશને વિવિધ સ્થળોની મુલાકાત લીધી. પછી કોલ્હાપુર જવા રવાના થયા. કોલ્હાપુરમાં ત્રિવેણી ડાઈનીંગ હોલમાં મીનાક્ષી વિજય શાહ, વીણા દિનેશ નાગડા, લતાબેન મૈશેરી, હીરા ખોના, ડો. પુષ્પા લોડાયા તથા દીના લોડાયા તરફથી બપોરે ભોજન હતું. કોલ્હાપુરમાં દેરાસરના દર્શન અને મહાલક્ષ્મી મંદિરે દર્શન કર્યા. સાંજે ગોકુલ હોટલમાં સુનીતા મોતા, મંજુલા મોમાયા, લતા મૈશેરી તરફથી સાંજના ભોજન કરાવવામાં આવ્યું હતું. કોલ્હાપુર સ્ટેશનથી સૌ મુંબઈ તરફ રવાના થયા.

આગામી કાર્યક્રમ તા.૧૩-૧૦-૧૨ના "વાણિજ્ય મેળો" છે. સૌને સ્ટોલ રાખવા તથા પધારવા આમંત્રણ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

અત્રે પર્યુષણ પર્વ ખૂબ રૂડી રીતે ઉજવવામાં આવેલ. આરાધના કરાવવા શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી સાંગલીથી શ્રીમતી જવેરબેન ખીમજી હરીયા અને શ્રીમતી યોગીતાબેન યોગેશ કુરૂવા આવેલ. દરરોજ સવારે ભક્તામર સ્તોત્ર, વ્યાખ્યાન, સાંજે પ્રતિક્રમણ તથા રાત્રે ભક્તિ ભાવનાનો કાર્યક્રમ હતો. પર્યુષણ પર્વની વ્યવસ્થામાં શ્રી અને શ્રીમતી મીના રાજેશ છેડા તથા શ્રી અને શ્રીમતી રચના ગુંજન ગાલા મુખ્ય હતા. આ વર્ષે પહેલીવાર દેરાસરનાં પરિસરમાં ખુલ્લા વાતાવરણમાં ભક્તિ ભાવનાનો કાર્યક્રમ સુમધુર સંગીત સાથે ભણાવવામાં આવેલ.

પર્યુષણ પર્વ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ યોજાઈ. પ્રભુજીની આંગી રચનાની સ્પર્ધા પહેલીવાર યોજાઈ. પાંચ જણાએ અઠ્ઠાઈ કરેલ. અત્રે ૨૧ ભાઈ-બહેનોની વર્ષીતપની આરાધનાં ચાલુ છે.

તા.૧૯-૮-૧૨નાં શ્રી પાર્શ્વ યુવક મંડળ તરફથી સ્નાત્રપૂજા ભણાવવામાં આવી. તે ઉપરાંત શ્રી નવકારમંત્રનો મહિમા, ધાર્મિક ક્વિઝ, રીમિક્ષ, નૃત્ય નાટિકા, ગુરૂ-કૃપા અંતાક્ષરી વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રહ્યા. કલ્પસૂત્ર ૧૨૫૧ મણમાં શા. ઉજમશી પ્રેમજીની કાં એ તથા પારણું ૬૭૬૭ મણમાં શ્રી હેમાંગ અરવિંદ છેડાએ પધરાવેલ. સ્વપ્નાનું કુલ ઘૃત ૧,૪૨,૩૯૯ મણ થયેલ.

અમાસનાં કલ્પસૂત્રની શોભાયાત્રા, ભાદરવા સુદ ૫ના ચૈત્ય પરિપાટી, અને ભાદરવા સુદ ૬નાં સવારનાં પ્રભુજીનાં પારણાંની શોભાયાત્રા નીકળેલ. બીજનાં કુંવરબાઈ નાંગશી ધરમશી તથા મીઠીબાઈ લાલજી લુઠીયા તરફથી સફળસંઘને (કાયમી) જમણ રાખવામાં આવેલ. ભાદરવા સુદ ૪નાં સામુહિક સાંજીનો કાર્યક્રમ રાખવામાં આવેલ. છઠ્ઠનાં સાંજે હેમાંગ અરવિંદ છેડા તરફથી ચઉવિહારની વ્યવસ્થા હતી.

ભાદરવા સુદ ૬નાં સવારે જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની છબીને ફલહાર ચઢાવવાનો લાભ ₹૬,૬૬૬માં શા. વીરજી પાલણ ગાલા પરિવાર તરફથી લેવાયેલ. સામૂહિક ક્ષમાપનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. અતિથિવિશેષ તરીકે શાળાનાં પ્રમુખ શ્રી દિનેશચંદ કુંવરજી

લોડાયા ઉપસ્થિત રહ્યાં. પ્રારંભમાં પુજાસામગ્રીનાં પાંચ દ્રવ્યનાં વાર્ષિક ચઢાવા બોલાયા. જેમાં દૂધ-નમણ ₹૨૩,૩૩૩ શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ લુઠીયા તથા શ્રીમતી ચંપાબાઈ રાયચંદ લોડાયા (સીરસી), કેસર પાણી ₹૨૨,૨૨૨ શ્રીમતી સુશીલાબાઈ રતિલાલ સાવલા (બેટગેરી-ગદગ), પુષ્પ ₹૨૨,૨૨૨ શ્રીમતી વીણાબેન નરેન્દ્ર લુઠીયા, ધૂપ દીપ ₹૨૫,૫૫૫ શ્રીમતી વર્ષાબેન નવીન નાગડા અને ચંદન ₹૩૩,૩૩૩ શ્રીમતી જવેરબાઈ વીરજી ગાલા, શ્રીમતી પ્રીતિ પ્રદીપ ખોના, શ્રીમતી ઉષા વિજય લુઠીયા, શ્રીમતી લતા જીતેન્દ્ર પટેલ તથા શ્રીમતી દક્ષા સુધીર સોનીએ આરાધક બહેનોનું સન્માન કરેલ. મહાજન પ્રમુખ ડૉ. પ્રદીપ સોમચંદ ખોનાએ પર્યુષણ પર્વનાં ચેરમેનોનું સન્માન કરેલ. શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) શિક્ષણ પ્રોત્સાહન યોજના અંતર્ગત તારક ખુશાલ છેડા (M.Pharm) ને ₹૧૨,૦૦૦ તથા હાર્દિક વિજય લુઠીયા (B.E. Civil)ને ₹૮,૦૦૦ સ્કોલરશીપરૂપે આપવામાં આવ્યાં અન્ય કાયમી સ્કોલરશિપનાં કવર મહાજનશ્રીનાં સેક્રેટરી શ્રી જીતેન્દ્ર મોરારજી પટેલે વિદ્યાર્થીઓને આપ્યા. ભક્તિ ભાવનામાં સંગીત આપનાર શ્રી વિજય સુંદરજી ગોસર, શ્રી નરેન્દ્ર રતનશી લુઠીયા તથા ભરત ડુંગરશી છેડાનું સન્માન કરાયું. સામૂહિક ક્ષમાપના શ્રી અને શ્રીમતી સુશીલાબેન દિનેશચંદ લોડાયાએ કરાવી હતી. મહાજનશ્રીનાં ઉપપ્રમુખ શ્રી વિજય પ્રવીણચંદ લુઠીયાએ કાર્યક્રમનું સંચાલન કરેલ. તથા જોઈન્ટ સેક્રેટરી શ્રી સુધીર જવેરચંદ સોનીએ આભારદર્શન કરેલ.

પર્યુષણ પર્વ બાદ તા.૩૧-૮-૧૨ના ટ્રેન દ્વારા ૬૦ ભાઈ-બહેનો બેંગલોરની ચૈત્ય પરિપાટી કરી હતી. ત્યાં પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.ને વંદન કરી વ્યાખ્યાન લાભ લીધેલ. બેંગલોરમાં જયનગર, ચિકલેટ તથા દેવનહુલ્લીનાં દર્શન કર્યા. બીજે દિવસે સુશીલધામ પહોંચી ત્યાં દેવદર્શન-પૂજા પાઠ કર્યા. તા.૨-૯-૧૨નાં સાંજે રવાના થઈ તા.૩-૯-૧૨નાં ગદગ પાછા ફર્યા હતા. સૌએ ચૈત્ય પરિપાટીનો ખૂબ આનંદ આવ્યો. બેંગલોરમાં સર્વે વ્યવસ્થા મહાજનનાં પ્રમુખ શ્રી ખુશાલભાઈ ધનજી ઘરમશી તથા કાર્યકર્તા શ્રી કૌશિક નવીનચંદ સોનાવાલાએ સારી રીતે કરી હતી.

## શ્રી નેરુલ અચલગચ્છ જૈન સંઘ

અત્રે પર્યુષણ પર્વની ઉજવણી ઉમંગ આનંદથી થઈ. દરરોજ શ્રી શ્રેયાંસનાથ દાદા તથા મુનીસુવ્રતસ્વામીની આંગી રચના, સાંજે સામાયિક બાદ ભક્તિ-ભાવના તથા આરતી થતી. પ્રતિક્રમણનાં છેલ્લા દિવસે ૭૦ જેટલા આરાધક હતા. દર વર્ષની જેમ સામુહિક ક્ષમાપના થયેલ. ત્યારબાદ દૂધ તથા અલ્પાહાર રાખવામાં આવેલ. જેનો લાભ શ્રી ભરતભાઈ લોડાયાએ લીધેલ.

તા.૨-૯-૧૨નાં ચૈત્યપરિપાટીમાં એક બસ દ્વારા ૫૦ જણાં જોડાયા. સવારે ૬.૩૦ વાગે નેરુલ દેરાસરે સામુહિક ચૈત્યવંદન તથા મુનીસુવ્રતદાદા દર્શન કરી નવકાર તથા સ્તવનની રમઝટ બોલાવતાં કાસારવડવલી, ઘોડબંદર રોડ પર આવેલ શ્રી શંખેશ્વરદાદાનાં દરબારે પહોંચી. દેવ-દર્શન, ચૈત્યવંદન કરી નવકારશી કરી. નવકારશીનાં દાતા શ્રીમતિ ચેતનાબેન કુરવા તથા શ્રીમતિ કસ્તુરીબેન પોલડિયા, મનોર તીર્થમાં ઉવસ્સગહરં પાર્શ્વનાથના દર્શન કરી મુંબઈ અમદાવાદ હાયવે પર ધર્મધામ તીર્થે પહોંચ્યા. ત્યાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની મૂળનાયક પ્રતિમા ચૌદ ફૂટ ઉંચા નીલવર્ણા કાર્યોત્સર્ગ મુદ્રામાં બિરાજમાન છે. ત્યાં પૂજા-પાઠ, દેવદર્શન, ચૈત્યવંદન કરી, બપોરેનું જમણ કરેલ. જેનાં દાતા શ્રી તાત્સુભાઈ ઘરમશી, અશોક પદમશી નાગડા તથા જતીન વિનોદ લોડાયા હતા ત્યાંથી ચારોટીમાં મહાલક્ષ્મીમાંનાં મંદિરે દર્શન કર્યા. ત્યાંથી ડહાણુંમાં શ્રી ચંદ્રપ્રભુદાદાનાં દર્શન કર્યા. તેમજ ત્યાં ચા-પાણી લીધા. જેના દાતા શ્રીમતિ રીટાબેન શેઠીયા તથા ઠંડા પીણા આઈસ્ક્રીમનાં દાતા પ્રશાંત વિનોદ લાલકા, ત્યાંથી બસ દ્વારા સાંજે બોરડી પહોંચ્યા. આનંદ રિસોર્ટમાં મજા માણી શ્રી મુનીસુવ્રતદાદાનાં દેરાસરે દર્શન કર્યા. દેરાસર સંપૂર્ણ રંગીન કાચથી શુશોભિત છે. ત્યાંથી બોરડીનાં દરિયાકાંઠે (બીચ) પર લટાર મારતા તેમજ નાના-મોટા સૌ ફૂટબોલ રમ્યાં. સાંજે આનંદરીસોર્ટમાં જમણનો લહાવો લીધો. જેનો લાભ શ્રી નેરૂલ અચલગચ્છ જૈન સંઘે લીધેલ. ત્યાં સર્વે દાતાઓનું બહુમાન કરેલ. બસ દ્વારા આનંદ-કિલ્લોલ-અંતાક્ષરી તથા શ્રીમતિ કાશમીરા જતીન લોડાયા દ્વારા જ્ઞાન રમત-ગમત કરતાં નેરૂલ પહોંચ્યા. જય બોલાવી છુટા પડ્યા. ચૈત્યપરિપાટી માટે શ્રી તાત્સુ ઘરમશી, શ્રીમતિ હિનાબેન તાત્સુ, વિનોદ લાલકા, તેજસ મુનવરે જહેમત લીધેલ.

## અહમદનગર

પૂ.પં.શ્રી દર્શનવલ્લભ મ.સા.ની નિશ્રામાં ૮૨ દિવસનું ધર્મચક્ર તપ ચાલુ હતું જેમાં ૨૦૦ તપસ્વીઓએ ભાગ લીધેલ. તપસ્વીઓમાં કચ્છી સમાજના પાંચ જણાં હતા.

તા. ૨૧ થી ૩૦-૯-૧૨ સુધીના તપની પૂર્ણાહૂતી નિમિતે ઉજવાયેલ ૧૦ દિવસીય મહોત્સવમાં દરરોજ અલગ અલગ પૂજન, પ્રભુની હિરાજડીત અને વિવિધ આંગી અને રોજ સ્વામિવાત્સલ્ય હતું. તા.૨૯-૯-૧૨ના

પૂજ્યશ્રી નિશ્રામાં ૨૦૦ તપસ્વીનું બહુમાન કરવામાં આવેલ. તા.૩૦-૯-૧૨ના ભવ્ય શોભાયાત્રા સાથે તપસ્વીઓના પારણાં થયા. તપસ્વી શોભાયાત્રાની જૈન-જૈનતર જનતાએ અનુમોદના કરી. કચ્છી સમાજ દ્વારા તા.૨-૧૦ના પાંચે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું.

### બાગલકોટ-તપસ્વીઓને યાત્રા લાભ

અત્રે પર્યુષણ પર્વ બાદ, ત્રણે સંપ્રદાયના વરસી તપ આરાધકો કુલ ૩૫ અને અન્ય ૧૬ જણાં મળીને ૫૧ જણાંનો સંઘ ચૈત્યપરીપાટી યાત્રારૂપે તા.૧-૯-૧૨ના લક્ઝરી બસદ્વારા રવાના થયો. આ સંઘને યાત્રા કરાવવાનો સૌજન્ય લાભ માતુશ્રી ચંદનાબેન તથા તેમના સુપુત્ર ગુલાબ ચિમનલાલ સોનીએ (વાંકુ-બાગલકોટ) લીધેલ. સંઘે બેંગલોરમાં ધર્મનાથ દેરાસર, જયનગરમાં પૂ.મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.ને વંદન કરી વ્યાખ્યાનનો લાભ લીધેલ. બેંગલોર સંઘે સંઘપતિઓનું બહુમાન કરેલ. સંઘે નવકારશીનો લાભ લીધેલ. ત્યાંથી સુશીલધામ (બેંગલોર), વાનમવાડી (તામીલનાડુ), પદ્માવતીદેવી મંદિર (કૃષ્ણગિરી-કર્ણાટક), ૧૦૮ પાર્શ્વનાથ દેવનહલી (બેંગલોર) સિધ્ધાચલ યાત્રા (બેંગલોર) અને લબ્ધિધામ (બેંગલોર)ની યાત્રા કરેલ. યાત્રા દરમ્યાન સંઘપતીએ વરસીતપ આરાધકોએ અને અન્યોએ વિવિધ પ્રભાવના કરેલ અને ધાર્મિક રમતો પણ રમ્યા. યાત્રા ખૂબજ આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ. તા.૪-૯-૧૨ના બાગલકોટ પરત આવી ગયેલ. ડોંબિવલીથી સૌ. મધુબેન અને માણીલાલ દેવશી ખોના પણ જોડાયેલ.

### ખંડવા

અત્રે પુર્યષણ હર્ષોલ્લાસથી ઉજવાયા. આરાધના માટે આર્યરક્ષિત વિદ્યાપીઠના કાશ્મીરાબેન અને પુષ્પાબેન પધારેલ. કલ્પસૂત્ર શ્રી લક્ષ્મીચંદ મુલજી દંડ પરિવારે અને પારણું શ્રી કીર્તિ નવીનચંદ નાગડા પરિવારે પધરાવેલ. બારસો સુત્ર વહોરાવવાનો લાભ શ્રી હીરેન વીશનજી ગોસર પરિવારે અને અર્પણ કરવાનો લાભ શ્રી મુલજી લખમશી લોડાયા પરિવારે લીધેલ. સ્વપ્ન કુલ ઘૃત ૩૫ હજાર માણ થયેલ. ચોથના સંઘવતી તપસ્વી સાંજીમાં બહુમાન થયું. છઠ્ઠના સમુહ ક્ષમાપના થઈ અને સ્થાનકના સ્વાધ્યાયીઓનું બહુમાન કરાયું. સાતમનાં પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી આ.ઠા.ને વંદન કરવા સંઘ ગયેલ, આઠમનાં મહાકાલી માની ભાવના ભણાવાઈ.

### મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-ધુલીયા

મંચની બેઠક તા.૨-૧૦-૧૨ની સૌ. નિતાબેન વસંત ગોસરના ઘરે સૌ. કલ્પનાબેન ભાટેના પ્રમુખપદે મળેલ. નવકાર મંત્ર પઠન બાદ એકમની જનરલ મિટીંગની ચર્ચા કરેલ.

સૌ. નિતાબેને બે ગેમ રમાડેલ. વન મિનીટમાં આદ્ય અક્ષર પરથી નામ લખવામાં પ્રથમ સૌ. ચેતના જયેશ ભાટે, જેમને શ્રીમતી હિરવંતી બેનના હસ્તે ઈનામ અપાયેલ. દ્વિતીય સૌ. શિતલ પરેશ ભાટેને, સૌ. મધુમતિબેનના હસ્તે ઈનામ અપાયેલ.

ત્યારબાદ બીજી ગેમમાં ગ્લાસમાં નિયત દોરેલી લાઈનથી નીચે એક મિનીટમાં કેટલું પ્રાણી પિવાય જેમાં પ્રથમ સૌ. કલ્પનાબેન મયુર ભાટે જેમને સૌ. કાંતાબેનના હસ્તે ઈનામ અપાયેલ. અને દ્વિતીય સૌ. લતાબેન જયંત દંડ જેમને સૌ. રમિલાબેનને ઈનામ આપેલ. બન્ને ગેમના ઈનામો સૌ. નિતાબેન તરફથી હતા. આગામી બેઠક સૌ. શિતલબેન ભાટેના ઘરે રહેશે. દુધપાકનો આસ્વાદ માણી નવરાત્રીની ચર્ચા કરી છુટા પડ્યા.

### અમરાવતી

અત્રે ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરે તપગચ્છીય પર્યુષણ સારી રીતે ઉજવાયા. તા.૨૩-૯-૧૨નાં દાદાવાડી દેરાસરેથી જયદર્શનવિજયજી મ.સા.ની નિશ્રામાં ચૈત્યપરિપાટી નીકળી હતી. શ્વે. જૈન દેરાસરે ચૈત્યવંદન કરી હોલમાં તપસ્વી બહુમાન રખાયેલ. શ્રી લાલચંદજી ભણશાલી પરિવાર તરફથ ીસર્વે તપસ્વીઓને પુજાની જોડ, શ્રીફળ-માળાથી બહુમાન થયેલ. સંઘ દ્વારા રક્તદાન શિબિર અને સ્વામીવાત્સલ્ય રાખેલ. ૩૦ જણાંએ રક્તદાન કરેલ. શ્રીમતિ સવિતાબેન શાહ તરફથી રૂા.૧૦નું સંઘપુજન થયેલ. તા.૨-૧૦ના સમુહ ક્ષમાપના હતી.

---

### ભુલસુધાર

પ્ર.સ. અંક નં.૪૦માં પાના નં.૭ ઉપર શ્રી ઠાકરશી મેઘજી ગોશર દ્વારા અપાયેલ જાહેરાતમાં તેમનું ઈમેઇલ સરનામું આ પ્રમાણે વાંચવું : tmgosher@gmail.com


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કુલીન ઉમરશી મૈશેરી** | જય વાછાપીર ગ્રેન સ્ટોર્સ, કમલાકર નગર, અંબરનાથ (વે.)-૪૨૧૫૦૨ |
| **જીતેન્દ્ર ઉમરશી લાલકા** | ૩/૪-એ અચલગચ્છ સોસાયટી, સર્વે નં.૨, અંતરજાળ-આદિપુર (કચ્છ) ૩૭૦૨૦૫ |
| **વિરાજ વીરચંદ મૈશેરી** | ૧૯બી, જૈન સોસાયટી, મહાવીરનગર, આદિપુર (કચ્છ)-૩૭૦૨૦૫ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

ચેતના જયેશ ભાટે-ધુલીયા ૭૨૭૬૫૪૫૬૪૯

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭-૯-૧૨ | વડાલા | RNVK010103 | ઈશીતા-અંકુશ મયુર વિક્રમશી | રાણપર | કન્યા |
| ૩-૬-૧૨ | પુના | GEDH020104 | નક્ષ-કલ્પેશ રતીલાલ ધરમશી | ગોએરસમા | પુત્ર |
| ૧૩-૮-૧૨ | ભીલાઈ | LLMT040503 | ક્રીશ -વિપુલ પ્રફુલ મોતા | લાલા | પુત્ર |
| -૯-૧૨ | ધુલીયા | SUDH010403 | મનસ્વી-વરૂણ તૈલેશ ભાટે (ધરમશી) | સુથરી | કન્યા |
| ૧૬-૯-૧૨ | પારોલા | BYPL130104 | પરમ-ખુશાલ દિલીપ પોલડીયા | બાયઠ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧-૮-૧૨ | વરાડીયા | VRDA | નીતિન શામજી રતનશી ડાઘા | વરાડીયા | ૨૫ |
| | બાંઢિયા | PRNG050803 | ભાવના (પ્રિતી) જવેરચંદ નરશી નાગડા | પરજાઉ | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩-૯-૧૨ | ઈન્દોર | VRDD010203 | ખ્યાતી વિપુલ વીરચંદ દંડ | વરાડીયા | ૨૪ |
| | હૈદ્રાબાદ | A | રાજવીર વિજય વોરા | બગસરા | ૨૪ |
| ૨૭-૯-૧૨ | નેરૂલ | NLNG0380103 | નિખીલ જગદીશ શીવજી નાગડા | નલીયા | ૩૨ |
| | ડોંબિવલી | A | ભાગ્યશ્રી શશીકાંત મિસ્ત્રી | કોલાપર | ૨૯ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| -૯-૧૨ | ડોંબિવલી | TRMT | હેમલતા જવેરચંદ જેઠાભાઈ મોતા | તેરા | ૭૨ |
| ૩૦-૯-૧૨ | ડોંબિવલી | MJDD040202 | દમયંતી કાંતિલાલ કરમશી દંડ | મંજલ | ૬૮ |
| ૨૭-૯-૧૨ | હુબલી | SULI011101 | ભારતીબાઈ લક્ષ્મીકાંત શામજી લાપસીયા | સુથરી | ૬૩ |
| ૨૮-૯-૧૨ | ઘાટકોપર | VRLO010502 | લીલબાઈ દામજી રતનશી લોડાયા | વરાડીયા | ૮૫ |


## બારોઈમાં પ્લોટ વેંચવા છે

**કચ્છ બારોઈ (જી-મુંદ્રા)માં દેરાસરની સામે બે પ્લોટ વેંચવા છે.**

1) 64 x 64 ft. 2) 64 x 32 ft.

**સંપર્ક - 09019520861**

**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

## મનગમતા પાત્રની શોધ

યુવાનદિલોનુ દિલ ધડકે સાથીની ખોજ એમને સતવે તો બનો ચિંતામુક્ત હવે. આવો અસાંજોકચ્છડોટકોમના વેવિશાળ સેવામાં જ્યાં મળશે પસંદગીનો ફલક વિસ્તર તો આજે જ આપ આપના ાડકવાયા પુત્ર/પુત્રીઓનું નામ રજીસ્ટ્રેશન કરાવો સંપર્ક દિપક કારાણી

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

Registrar online on : www.asanjokutch.com/matrimonials

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

તાસ અનુમોદના કીજીએ...

શ્રી વર્ધમાન નગરે શ્રી ભુજ અચલગચ્છ જૈન સંઘના પ્રાંગણે

તાસ અનુમોદના કીજીએ...

## ત્રિદિવસીય ગુરુ પર્વોત્સવે ગુરુ ગુણ શતાબ્દિ વર્ષે

# ગુરુ ગુણોદય ૮૧ મા જન્મોત્સવે ગુરુકૃપાના મેહ વરસ્યા
# સંઘ સમાજના અંતરે જાણે દીપોતસ્વના દીપ પ્રગટ્યા



નાગડા પરિવારે
ગુરુભક્તિ
કરી લીધો લાભ
ચઢયો તમારો
સીતારો આભ..

કચ્છ નલીયાતીર્થ - મુંબઈ ઘાટકોપર નિવાસી

**માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવારે હ. સમીર લક્ષ્મીચંદ નાગડા**

૮૧ મા જન્મોત્સવે ૮૧ કિલો રજત તુલાનો લાભ લઈ અપૂર્વ ગુરુભક્તિ પ્રદર્શિત કરી
ત્યારે ગુજરાત રાજ્યના કચ્છી **મંત્રીશ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર**
જાણીતા ઉદ્યોગપતિ **શ્રી દામજીભાઈ એન્કરવાલા** તથા સમગ્ર જ્ઞાતિજનો હાજર હતા

તાકાત સત્તા યા પ્રસિધ્ધિ માટે આપણી નજર વધુમાં વધુ ક્યાં સુધી ?
વિશ્વ વિજેતા ચેમ્પીયન કે જગતની આપણી મહાસત્તાના પ્રેસીડન્ટ સુધી જ ને ?
પોતાની કહેવાતી બુદ્ધિ કે તાકાત દ્વારા ઓલમ્પીક ચેમ્પીયનને સમતાપૂર્વક
એક અઠ્ઠમ જૈન સાધુની ક્રિયા પ્રમાણે કરવાનું કહેવામાં આવે તો શું જવાબ મળે ?
મહાસત્તાના પ્રેસીડન્ટને પાંચ મહાવ્રતમાંથી એકાદ વ્રત પાળવાની શક્તિ મળી છે ખરી ?
આ ભારત વર્ષની ધન્ય ધરા પર વર્તમાનમાં વિચરી રહેલા મહાત્માઓ કોઈપણ જાતના
ગોલ્ડ મેડલની અપેક્ષા વિના ધન-સત્તા-સંપત્તીને લાત મારી કાંઈ જ અંગત સ્વાર્થ વિના
અનંતજ્ઞાની ભગવંતોએ બતાવેલા સાધના માર્ગે અપૂર્વ સમતાથી તપશ્ચર્યા સાધે છે.
ધર્મસત્તાના શરણે જઈ કાયા અને આત્માને તદ્દન ભિન્ન નિહાળી સ્વ કલ્યાણ દ્વારા સૌનું
કલ્યાણ કરી રહેલા એ મહાપુરૂષનું નામ છે **સંઘશિરછત્ર, અચલગચ્છાધિપતિ**
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજાના એક્યાશી માં જન્મોસ્તવે**
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનનું
શ્રી અનંતનાથજી જૈન દેરાસર તથા તેના સાધારણ ખાતાના ફંડોનું ટ્રસ્ટ
શ્રી નલીયાનગરનું તથા નીજ કૂળનું નામ રોશન કર્યુ છે ત્યારે

## શ્રી અનંત સમર્પણ ઘાટકોપર
**ભૂરિ ભૂરિ અનુમોદના કરી હર્ષની લાગણી અનુભવે છે.**

UPASANA-9820167767

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## નાશિક મહાજનના ઉપક્રમે જનજાગરણ સંપર્ક મેળાવડો અને મહાજનની નવી કારોબારીની વરણી















## ભાવભીની શ્રદ્ધાંજલિ



હે જીવન પંથના પથિક, તું આ જગતમાં એકલો આવ્યો ને સહુનો બની ગયો.
તારા જીવનમાં અનેરી મહેક ફેલાવીને સદ્‌ગુણોનો દીપ પ્રગટાવી ગયો.
તારી અને અમારી યાદોનું અંતિમ સીમાચિન્હ બની ગયો.
જીવનનાં અંતિમક્રમ પછી પણ સોનેરી મૂલ્યો સમજાવી ગયો.
પણ તું અચાનક પલકવારમાં ગયો અને સહુને એકલા કરી ગયો...

**શ્રી રાજેશ ઠાકરશી ડાઘા**
(વરાડીયા-આદિપુર)
સ્વર્ગવાસ : ૨૫-૮-૨૦૧૨

❊ શ્રદ્ધાસુમન ❊

**નાનાણાં : માતુશ્રી આશબાઈ રાઘવજી હીરજી લોડાયા સમસ્ત પરિવાર**
(બાંઢિયા-અમદાવાદ/મુંબઈ)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**